જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । ગુરુવાર । તા. ૨૫-૦૪-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૨૨ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

સીબીઆઈ ડાયરેક્ટર, દિલ્હી પોલીસ અને આઈબીને સુપ્રીમનાં સમન્સ

સીજેઆઈ યૌન ઉત્પીડન કેસ: વકીલનાં દાવા પર આજે સુનાવણી

ન્યુ દિલ્હી

ચીફ જસ્ટિસ રંજન ગોગોઇ પર લાગેલા યૌન શોષણના આરોપોને લઈને બુધવારે સુપ્રીમ કોર્ટની સ્પેશિયલ બેંચે સુનાવણી કરી હતી. જસ્ટિસ એસએ બોબડેની અધ્યક્ષતાવાળી બેંચે આરોપ લગાવનારી મહિલાને નોટિસ જાહેર કરી ૨૬ એપ્રિલે હાજર થવાના આદેશ આપ્યાં. સીજીઆઈ વિરૂદ્ધ ષડયંત્રનો દાવો કરનાર વકીલ ઉત્સવ બેંસે સીલબંધ કવરમાં પુરાવાઓ કોર્ટમાં રજૂ કર્યા. જેમાં કેટલાંક સીસીટીવી ફુટેજ સામેલ છે.

વકીલ ઉત્સવ બેંસે કહ્યું કે સીજેઆઈ વિરૂદ્ધ સૌથી મોટું ષડયંત્ર રચાયું જેમાં મોટા કોર્પોરેટ હાઉસનો હાથ છે. વકીલે તપાસ એજન્સીઓના પ્રમુખને મળવાની માગ કરી છે. બેંચે દસ્તાવેજ જોયાં બાદ એટોર્ની જનરલ કેકે વેણુગોપાલને કહ્યું કે શું તમે કોઈ જવાબદાર તપાસ અધિકારીને ચેમ્બરમાં બોલાવશો. જો મામલો યોગ્ય છે તો ઘણો જ ગંભીર છે. ઉત્સવની સુરક્ષા યથાવત રાખવામાં આવે.

વકીલે સુરક્ષાને લઈને ખતરાની વાત કરી હતી: વકીલ ઉત્સવે પોતાની સુરક્ષાને લઈને ખતરો હોવાની વાત કોર્ટને કહી હતી.

સુપ્રીમ કોર્ટે બુધવારે સીબીઆઈના ડાયરેક્ટર, દિલ્હી પોલીસના કમિશ્નર અને ઈન્ટેલિજન્સ બ્યૂરો ચીફને સમન્સ પાઠવ્યા. કોર્ટે આ સમન્સ ન્યાયિક ભ્રષ્ટાચારના મુદ્દાઓની તપાસ કરવા અને યૌન ઉત્પીડન મામલામાં ભારતના ચીફ જસ્ટિસ રંજન ગોગોઈને દોષી ઠેરવવાના કથિત પ્રયાસોને લઈને મોકલ્યા છે.

જસ્ટિસ અરુણ મિશ્રાની આગેવાનીવાળી ત્રણ જજોની બેન્ચે ત્રણેય સંસ્થાઓના પ્રમુખોને બપોરે ૧૨.૩૦ વાગ્યે બોલાવ્યા, જેમાં કહેવામાં આવ્યું કે તેમની સાથે ચર્ચા-વિચારણ જજોની ચેમ્બરની અંદર થઈ. આ મામલામાં આગળની વાતચીત માટે આ બેન્ચ બપોરે ત્રણ વાગ્યે ફરી બેઠી હતી. જેની વધુ સુનાવણી આજે કરવામાં આવશે.



ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ રંજન ગોગોઈની વિરુદ્ધ યૌન ઉત્પીડનના આરોપોની તપાસ માટે કોર્ટે ત્રણ જજોની એક આંતરિક તપાસ સમિતિની રચના કરી છે. આ સમિતિમાં કોર્ટના ત્રણ સિટિંગ જજ- જસ્ટિસ એસ એ બોબડે, એન વી રમન અને જસ્ટિસ ઈન્દિરા બેનર્જી સામેલ છે. ગોગોઈ બાદ બોબડે જ સૌથી સિનિયર જજ છે.

આ તપાસ શુક્રવારથી શરૂ થશે અને તે ન્યાયિક નહીં પરંતુ એક વિભાગીય તપાસ જ છે. આ મામલામાં કોર્ટે વકીલ ઉત્સવ બેંસને નોટિસ જાહેર કરી છે. ઉત્સવે આરોપ લગાવ્યો હતો કે તેમને સીજેઆઈની વિરુદ્ધ ખોટા આરોપ લગાવવા માટે લાંચની રજૂઆત કરવામાં આવી હતી.

નોંધનીય છે કે, કોર્ટે ઉત્સવ બેંસ નામની વકીલને બુધવારે ખાનગી રીતે રજૂ થવાને બદલે કોર્ટમાં હાજર થઈને પોતાના દાવાઓના પક્ષમાં પુરાવા રજૂ કરે.

એડવોકેટ ઉત્સવ બેંસ દ્વારા કોર્ટને આપવામાં આવેલી એફિડવિટમાં કહેવામાં આવ્યું છે કે સૂત્રો મુજબ ચીફ જસ્ટિસ પર યૌન શોષણનો આરોપ લગાવવામાં દિલ્હીના એક ફિક્સર રોમેશ શર્માનો હાથ હતો જેથી ચીફ જસ્ટિસને રાજીનામું આપવા માટે મજબૂર કરી શકાય.

મને ગાળો આપનારા હવે ઈવીએમને ગાળો આપવા માંડ્યા: પીએમ મોદી

વડાપ્રધાને કહ્યું દિલ્હીની ખુરશી પર નજર નાખનારા મહાભ્રષ્ટાચારિયો અને મહામિલાવટી લોકોમાં હડકંપ મચી ગયો

લોહરદગા

ઝારખંડના લોહરદગાની બીએસ કોલેજમાં પીએમ મોદી લોકસભા બેઠકના ત્રણ ઉમેદવારોના સમર્થનમાં જાહેર સભાનું સંબોધન કરી રહ્યાં છે. પીએમ મોદીની સભામાં સુરક્ષા વ્યવસ્થાને લઈને પોલીસ કાફલો તૈનાત કરવામાં આવ્યો છે. લોકસભા બેઠકના ત્રણ ઉમેદવારનું સમર્થન કરવાની સાથે જ પીએમ મોદીએ સભા મંચ પરથી ઈવીએમ મશીનને લઈને કોંગ્રેસ પર પ્રહાર કર્યો છે. લોકસભા ચૂંટણી ૨૦૧૯ અંતર્ગત દેશમાં સાત તબક્કામાં ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાઈ છે. જેમાં મંગળવારે ગુજરાત સહિત ૧૫ રાજ્યોમાં ત્રીજા તબક્કાનું મતદાન સંપન્ન થયું છે. હજુ ચાર તબક્કા બાકી છે. આ સંજોગોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે ઝારખંડ ખાતે ચૂંટણી સભા સંબોધતાં કોંગ્રેસ અને વિપક્ષ પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યુ હતુ કે, હવે તો વિરોધીઓએ પણ હાર સ્વીકારી લીધી છે.જે રીતે પરીક્ષામાં ફેલ થનારા વિદ્યાર્થીઓ પેન, પેપર, બેન્ચનો દોષ કાઢીને બહાના બનાવતા હોય છે તે રીતે વિપક્ષ પોતાની હાર માટે ઈવીએમનુ બહાનુ બનાવે છે.મોદીને ગાળો આપનારા હવે ઈવીએમને ગાળો આપી રહ્યા છે.તેના નસીબમાં ગાળો ખાવાનુ લખ્યુ છે.



પાલ વિસ્તારનો એક અને માત્ર એક વિશ્વસનીય શોરૂમ

radhe furnishing

સોફા અને પડદાનાં કાપડ પર ૨૦% થી ૩૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

- સોફાનું કાપડ - યુ ફોમ / મેટ્રેસીસ - પીવીસી ફ્લોરીંગ - રોલર / રોમન - ગ્લાસ ફીલ્મ, વુડ ફીલ્મ
- પડદાનું કાપડ - સોફા - વુડન ફ્લોરીંગ - વર્ટીકલ બ્લાઈન્ડ્સ - આર્ટીફીશીયલ ગ્રાસ - મચ્છરજાળી
- વોલપેપર - વુડન ફ્લોરીંગ - ગ્રેઝા બ્લાઈન્ડ્સ - બેડશીટ - સોફા ક્લીનીંગ

વોલપેપર અને મેટ્રેસની વિશાળ રેન્જ ઉપલબ્ધ

refresh DECOR HOME BAJAJ FINSERV 0% PROCESSIG CHARGE 0% INTEREST

દરેક પ્રકારના ક્વોલિટી બેઝ સોફા બનાવવાના સ્પેશ્યાલીસ્ટ

• કસ્ટમાઈઝ વોલપેપર • કસ્ટમાઈઝ 3D ફ્લોરીંગ • કસ્ટમાઈઝ સીલીંગ • કસ્ટમાઈઝ સ્ટેઈર
• કસ્ટમાઈઝ રોલર બ્લાઈન્ડ • કસ્ટમાઈઝ ગ્રેટેઈન • કસ્ટમાઈઝ ગ્લાસ અને ડોર • કેનવાસ પર ડીજીટલ પ્રિન્ટ

વોલપેપર | ફ્લોરીંગ | સીલીંગ
સ્ટેઈર | ગ્લાસ ફીલ્મ | કેનવાસ

''રાજ વિક્ટોરીયા'' પહેલો માળ, દુકાન નં. ૧૨૪, ટીજીબી હોટલની ગલીમાં પાલગામ સર્કલની સામે, પાલ.
Mo. 98987 18873 / 97734 32817 E-mail : radhefurnishing.surat@gmail.com

BULK WATSAAP Marketed by MARKET4U - 7575006846-47

જોઈએ છે માર્કેટિંગ એક્ઝિક્યુટીવ

જંગ-એ-ગુજરાત અખબારના વેબ પોર્ટલ www.jungegujarat.in માટે ગુજરાતના તમામ સ્થળે કમિશનથી જાહેરાત લાવી શકે તેવા વ્યક્તિઓની તાત્કાલિક નિમણૂંક કરવાની હોય સંપર્ક કરો.

7574888861

બ્રોકરો માટે જંગ એ ગુજરાત ની ખાસ ઓફર

જમીન, મકાન, દુકાન, ફ્લેટ, ઓપન લેન્ડ, ઇન્ડસ્ટ્રીલ પ્લોટ, શેડ, રોહાઉસ, બંગલા ભાડે વેચાણ આપનાર તથા લેનાર માટે ખાસ ઓફર

અમારા કરતા સસ્તી અને સરળ ઓફર બીજે ક્યાંય નહી

સંપર્ક

મયંક અગ્રવાલ - ૭૫૭૫૦૦૬૮૪૬ (સુરત)

ધનંજય ઝવેરી - ૭૫૭૫૦૦૬૮૪૭

સેલ્સ ઓફિસર જોઇએ છે MARKET 4U

MARKET 4Uકંપનીને ગુજરાતના તમામ શહેરો માટે અનુભવી સેલ્સ ઓફિસર જોઇએ છે.

કોમ્પ્યુટર જ્ઞાન તેમજ વાહન હોવું જરૂરી.

પગાર અનુભવ અને લાયકાત મુજબ

Mo. 75750 06847

Email : market4u19@gmail.com

help Enter F1

Animesh Shah
+91 98792 00040
B.E.(Electronics)

Right Technology, Right Away

CHANAKYA Accounting SOFTWARE

Accounting Software in English, ગુજરાતી, हिन्दी, Etc..

A-9, Padam Arcade 2, Near handloom house , Nanpura, Surat-395001
Customer Care - 95370 00054
Email :- itclubonline@gmail.com
Web :- http://www.bhkhome.com

BULK WATSAAP

Marketed by MARKET4U - 7575006846-47

MARKET 4U
ISO 9001:2015 Certified company

REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1, KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN

તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.

આપના એક્સિડવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા

અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફ્રિટ કરાવો

માત્ર રૂપિયા ૬૦૦૦/-

સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા

અન્યને સમજાવો તો વધારાની આવક પણ ખરી જ. તો રાહ કોની જુઓ છો ? કરો એક ફોલ અને જાણો વિગત

GPS Market

RV-04

- Geo Fence
- Overspeed Alarm
- Mileage Statistics
- 5M Accuracy (95%)
- ACC Ignition Detection
- OTA Firmware Upgrade
- Over Voltage Protection
- Built In Battery 160 mA/H
- Tele-Cut Off (Petrol/ Electricity)
- Data In Buffer (in GPS Blind Area)
- GSM Module : QUECTEL M26
- GPS Module : GTOP GT-1612-UB7X

For Demo - Go to play store Download - GPSMARKET User id : demo - password : 123456

ADMIN OFFICE: 161, SHIV OM NAGAR, MERU LAXMI TEMPLE ROAD, TADWADI, RANDER, SURAT. MO. : 7575006850

આજે વિરમગામ તાલુકામાં ૨૫મી એપ્રીલે વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણી કરવામાં આવશે



આરોગ્ય કર્મચારીઓ માટે નેશનલ વેક્ટર બોર્ન ડિસીઝ પ્રોગ્રામ વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું

ન્યુઝ વિરમગામ
તસવીર-વંદના નીલકંઠ વાસુકિયા

તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ દ્વારા વિરમગામ શહેરમાં ૨૫મી એપ્રીલે વિશ્વ મેલેરીયા દિનની ઉજવણી કરવામાં આવશે. આરોગ્ય કર્મચારીઓ માટે સેમીનારનું આયોજન કરવામાં આવ્યુ છે. થોડી સાવચેતી રાખવામાં આવે તો મેલેરીયાથી બચી શકાય છે.

તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.વિરલ વાઘેલાએ જણાવ્યુ હતુ કે, તાલુકા હેલ્થ ઓફિસ દ્વારા વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણીના ભાગરૂપે વિરમગામ શહેરમાં આરોગ્ય કર્મચારીઓ માટે નેશનલ વેક્ટર બોર્ન ડિસીઝ પ્રોગ્રામ વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આરોગ્ય કર્મચારીઓ દ્વારા પોરાનાશક કામગીરી કરવામાં આવશે અને લોકોને મેલેરીયા રોગથી બચવાના ઉપાયો સમજાવવામાં આવશે. વિરમગામ તાલુકાના આરોગ્ય કર્મચારીઓ દ્વારા ૧૦૪ ટોલ ફ્રી ફિવર હેલ્પ લાઈન વિશે માર્ગદર્શન આપવામાં આવશે. જુન માસની મેલેરીયા વિરોધ માસ તરીકે અને જુલાઇ માસની ડેન્ગ્યુ વિરોધી માસ તરીકે ઉજવણી કરવામાં આવશે.

વિરમગામ તાલુકા હેલ્થ સુપરવાઈઝર કે.એમ. મકવાણા એ જણાવ્યું હતું કે, મેલેરીયાથી બચવા માટે પાણીના ખુલ્લા વાસણો હવા ચુસ્ત ઢાંકણથી ઢાકીને રાખવા. પાણીની ટાંકી, ફુલદાની, કુલર, ફ્રીજની ટ્રે અઠવાડીયામાં એક વખત અવશ્ય સાફ કરો. ઘરની આસપાસ પાણી ન ભરાવા દો. પાણીના ખાડા ખાબોચીયા પુરી દો અથવા તો વહેવડાવી દો. કોઈ પણ તાવ મેલેરીયા હોય શકે છે. ઉલટી ઉપકા થાય, માથામાં દુખાવો થાય, શરીરમાં કળતર થાય, ઠંડી અને ધ્રુજારી સાથે તાવ આવે જેવા કોઈ પણ લક્ષણો જોવા મળે તો નજીકના સરકારી દવાખાનામાં જઈને નિશુલ્ક લોહીની તપાસ કરાવવી જોઈએ. મેલેરીયાનો ફેલાવો મચ્છરથી જ થાય છે એટલે મચ્છરની ઉત્પત્તિ અટકાવશો તો મેલેરીયા થતો રોકી શકાશે.

મોરબીમાં ૩૦ ફૂટ ઊંડા કુવામાં ખાબકેલા બે રોજડાનું રેસ્ક્યુ કરી ઉગારી લેવાયા



મોરબી નવલખી રોડ પરના કુવામાં બે રોજડા ખાબક્યા હોય જેની જાણ થતા જીવદયા પ્રેમી ગ્રુપ અને ફોરેસ્ટ સહિતની ટીમો સ્થળ પર પહોંચીને રોજડાને સહી સલામત બહાર કાઢવામાં આવ્યા છે મોરબી નવલખી રોડ પાસે રોકડીયા હનુમાનજીની જગ્યા નજીકના ૩૦ ફૂટના કુવામાં ૨ રોજડા પડી ગયા હતા જેની મોરબી વન વિભાગને જાણ થતાં મોરબી વન વિભાગ અને યુનાયટેડ યુથ જીવદયા ગ્રુપના સભ્યો સ્થળ પર દોડી ગયા હતા અને મોરબી વન વિભાગ, યુનાયટેડ યુથ જીવદયા ગ્રુપ, યદુનંદન ગૌશાળા અને વાડી વિસ્તારના લોકો દ્વારા રેસ્ક્યુ ઓપરેશન ચલાવીને ભારે જહેમત બાદ બંને રોજડાને બહાર કાઢવામાં સફળતા મળી હતી અને બંને રોજદાને બહાર કાઢી છોડી મુકવામાં આવ્યા હતા

પ્રજ્ઞાને ચૂંટણી લડતા ન રોકી શકીએ, અમારી પાસે કાયદાકીય અધિકાર નથી : એનઆઈએ કોર્ટ

મુંબઈ

માલેગાંવ બોમ્બ વિસ્ફોટના આરોપી સાધ્વી પ્રજ્ઞા ઠાકુરને મોટી રાહત મળી છે. મુંબઈની એનઆઈએ કોર્ટે ચૂંટણી લડવાની રોક પર થયેલી અરજીને ફગાવી દીધી છે. મુંબઈની એનઆઈએ કોર્ટમાં સુનાવણી દરમિયાન જજે કહ્યું કે દાખલ અરજીમાં ફરિયાદકર્તાએ પોતાના હસ્તાક્ષર જ નથી કર્યા. ફરિયાદકર્તાના વકીલે કહ્યું સાધ્વી પ્રજ્ઞાને સ્વાસ્થ્યના આધારે જામીન આપવામાં આવ્યા છે, પરંતુ તે ટીવી પર ઈન્ટરવ્યૂ પર આપે છે.

સાધ્વીએ એક ઈન્ટરવ્યૂમાં પોતાના ઈલાજ અંગે પણ દાવો કર્યો છે. આ અંગે સાધ્વીના વકીલે કહ્યું કે તેમની સ્થિતિમાં સુધારો થયો છે. એક ડોકટર હંમેશા તેની સાથે રહે છે. તેઓ વિચારધારા અને દેશના આધારે ચૂંટણી લડે છે, તેઓ સાબિત કરવા માગે છે કે ભગવા આતંકવાદ જેવું કંઈ જ હોતું નથી. આ જ કારણ છે કે તેઓ ચૂંટણી લડે છે.

પાકિસ્તાની આતંકીઓના મોતથી તમારા ચહેરાનો રંગ કેમ ઉડી ગયો?: અમિત શાહ

પટના

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે આતંકવાદીઓના મુદ્દે વિપક્ષી દળો પર નિશાન સાધ્યુ છે. બિહારના મુગેરમાં એક ચૂંટણી સભા દરમિયાન અમિત શાહે વિપક્ષી દળો પર નિશાન સાધતા કહ્યુ કે ત્યાં પાકિસ્તાની આતંકવાદી મરી ગયા તેમાં તમારા ચહેરાના નૂર કેમ ગાયબ થઈ ગયા છે.

અમિત શાહે કહ્યુ કે પાકિસ્તાનમાં આવેલા આતંકી ઠેકાણા પર ભારતીય સેનાની એર સ્ટ્રાઈક બાદ બે જગ્યાએ શોક હતો. એક પાકિસ્તાનમાં ત્યાં તો હોવો જ જોઈએ અને બીજો રાહુલ બાબા એન્ડ કંપની ગઠબંધનવાળાને ત્યાં. અમિત શાહે કહ્યુ કે ત્યાં પાકિસ્તાની આતંકવાદી માર્યા ગયા જેમાં તમારા ચહેરાનો નૂર કેમ ગાયબ થઈ ગયો છે. શું તે તમારા કૌટુંબિક ભાઈ હતા?

ટૂંક સમયમાં આરબીઆઈ ૨૦૦-૫૦૦ રૂપિયાની નવી નોટ જાહેર કરશે

ન્યુ દિલ્હી

રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયા જલદી જ નવી ૨૦૦ અને ૫૦૦ રૂપિયાની નવી નોટ જાહેર કરવા જઈ રહી છે. રિઝર્વ બેંકે ટ્વિટ કરીને તેની જાણકારી આપી છે. નવી નોટોને મહાત્મા ગાંધી (નવી)સીરીઝ હેઠળ લોન્ચ કરવામાં આવશે. નવી નોટોમાં સામાન્ય ફેરફાર એ હશે કે આ નોટો પર આરબીઆરના નવા ગર્વનર શક્તિકાંત દાસની સહી હશે. આ પહેલાંની નોટો પર ઉર્જિત પટેલની સહી છે. કેંદ્રીય બેંકે એ પણ કર્યું છે કે નવી નોટો આવતાં સિસ્ટમમાં ચાલી રહેલી જૂની નોટ ખરાબ થશે નહી. પરંતુ મહાત્મા ગાંધી (નવી) સીરીઝવાળા હાલની બધી નોટો માન્ય રહેશે.

આરબીઆઈએ સ્પષ્ટ કર્યું છે કે નવી નોટોની ડિઝાઈનમાં કોઈ ફેરફાર થશે નહી. પરંતુ તેની ડિઝાઈન મહાત્મા ગાંધી (નવી) સીરીઝમાં જાહેર પૂર્વ બધી નોટોની માફક હશે. આ ઉપરાંત ફીચર્સમાં પણ કોઈ ખાસ ફેરફાર કરવામાં આવ્યા નથી. રિઝર્વ બેંક દ્વારા તાજેતરમાં જ ૧૦૦ રૂપિયાની નવી નોટ પણ જાહેર કરવામાં આવી હતી. આ ૧૦૦ રૂપિયાની નોટ પર પણ ગર્વનર શક્તિકાંત દાસની સહીને અંકિત કરવામાં આવી હતી. જોકે નવી ૧૦૦ રૂપિયાની નોટ આવ્યા બાદ જૂની નોટોને સિસ્ટમમાંથી દૂર કરવામાં આવી નથી. મહાત્મા ગાંધી (નવી)સીરીઝની બધી નોટ માન્ય છે.

રાણપુરમાં સુખડીયા પરિવાર દ્વારા રાજરાજેશ્વરી રાજભવાની માતાજીનો ૨ ઉમો પાટોત્સવ યોજાયો

નવચંડી યજ્ઞ, રાજોપ્યાર પુજા, ધ્વજા રોહણ સહીત અનેક ધાર્મિક કાર્યક્રમો ભક્તિભાવપુર્વક ઉજવણી કરાઈ



બોટાદ જિલ્લાના રાણપુર ખાતે ભાદર અને ગોમા નદી વચ્ચે આવેલ ઐતિહાસિક સુપ્રસિધ્ધ રાણાના ગઢમાં બિરાજમાન શ્રી રાજરાજેશ્વરી રાજભવાની માતાજીના મંદીરે સમસ્ત સુવાળીયા સુખડીયા પરિવાર દ્વારા નવચંડી યજ્ઞ, પુજા,ધ્વજા રોહણ સાથે ૨ ઉ મો પાટોત્સવ રંગેચંગે ઉજવાયો. જેમા રાજભવાની માતાજી નો મહાઅભિષેક, અન્નકુટ, નવચંડી યજ્ઞ, ધ્વજા રોહણ, મહાઆરતી,રાસ-ગરબા તથા ભવ્ય શોભાયાત્રા સહીત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. રાજભવાની માતાજીની વાજતે ગાજતે શોભાયાત્રા રાણપુરના માર્ગો ઉપરથી નિકળતા જ જય ભવાની-રાજભવાની ના નાદથી વાતાવરણ ભક્તિમય બની ગયુ હતુ. જ્યારે તડકામાં



અને ગરમી માં આવતા દરેક લોકોને રાહત થાય અને ઠંડક મળી રહે તે માટે ઠંડા તરબુચ, દ્રાક્ષ, સાકરનું પાણી, વળીયાળી નું સરબત, ઠંડી મસાલા છાસ સહીત અનેક ઠંડા પીણા ના સ્ટોલ બનાવવામાં આવ્યા હતા અને દરેક લોકો ને ફ્રી માં સેવા પુરી પાડવામાં આવી હતી. છેલ્લા ૨૩ વર્ષ થી પરંપરાગ ઉજવાતો આ રાજભવાની માતાજી નો પાટોત્સવમાં સમગ્ર ગુજરાત અને મહારાષ્ટ્ર થી હજારો ની સંખ્યામાં સુવાળીયા સુખડીયા પરિવાર નો લોકો આવે છે આ મહોત્સવ સમયે કેટલાય લોકો ગામેગામથી પદયાત્રા કરીને રાણપુર આવતા હોય છે અને તેમનુ સુખડીયા પરિવાર અને ટ્રસ્ટ દ્વારા પદયાત્રીઓનુ સન્માન કરવામાં આવે છે. આવેલા તમામ લોકો માટે મહાપ્રસાદ નું સુંદર આયોજન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે અભિષેકના દાતા શાહ મધુબેન કેશવલાલ ચુનીલાલ (અમદાવાદ), ધ્વજા રોહણના દાતા શેઠ શાંતિલાલ ખીમચંદ ભાઈ (જોરાવરનગર), મુખ્ય જમણવારના દાતા શેઠ ઈન્દુબેન તનસુખલાલ પ્રેમચંદભાઈ (નંદબાર) સહીત અનેક દાતાઓના સહયોગથી આ પાટોત્સવનો મહોત્સવ સફળ રહ્યો હતો. આ મહોત્સવનું આયોજન સમસ્ત સુવાળીયા સુખડીયા પરિવાર દ્વારા કરવામાં આવ્યુ હતુ.

યુએસના પ્રતિબંધ વચ્ચે પુતિન સાથે કિમ જોંગની પ્રથમ મુલાકાત

વ્લાદિવોસ્તોક

નોર્થ કોરિયાના સરમુખત્યાર કિમ જોંગ-ઉન રશિયાના પ્રેસિડેન્ટ વ્લાદિમીર પુતિનને મળવા બુધવારે રશિયા પહોંચી ગયા. ખ્યોંગયાંગથી રશિયા માટે રવાના થયાના સમાચાર બાદ કિમ સૌથી પહેલાં રશિયાના ખાસાન પહોંચ્યા. બંને દેશોની વચ્ચે ઐતિહાસિક મિત્રતા હોવા છતાં કિમ શાસક બન્યા બાદ અત્યાર સુધી પુતિનને મળ્યા નહતા. કિમ શાસક બન્યા તેના ૮ વર્ષમાં આ પ્રથમ મુલાકાત છે. અંતિમવાર તેમના પિતા કિમ જોંગ-ઈલ રશિયાના તત્કાલિન પ્રેસિડેન્ટ દિમિત્રી મેદવેદેવને મળ્યા હતા.

ખાસાનની સ્થાનિક નેતા નતાલિયા કરપોલાએ રશિયન ન્યૂઝ એજન્સીને જણાવ્યું કે, સ્ટેશન પર કિમનું ફૂલો અને બ્રેડ-નમક આપીને સ્વાગત કરવામાં આવ્યું છે. આ રશિયાની પરંપરા છે. કિમ ત્યારબાદ અંદાજિત ૯ કલાકની મુસાફરી કરી વ્લાદિવોસ્તોક પહોંચશે. પુતિન અને કિમ વ્લાદિવોસ્તોકમાં બેઠક કરશે. જો કે, હજુ સુધી આ બંને નેતા વચ્ચે કોઇ સમજૂતી અથવા સામૂહિક કોન્ફરન્સને લઈને કોઇ જાહેરાત કરવામાં નથી આવી. કિમ જોંગ-ઉન આ અગાઉ અમેરિકાના પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ અને ચીનના પ્રેસિડેન્ટ શી જિનપિંગ સાથે મુલાકાત કરી ચૂક્યા છે. ટ્રમ્પ અને કિમની પ્રથમ મુલાકાત ગત વર્ષે જૂનમાં સિંગાપોરમાં થઈ હતી. જ્યારે બીજી મુલાકાત આ વર્ષે ફેબ્રુઆરીમાં વિયેતનામમાં થઈ હતી. જો કે, આ બંને બેઠકોમાં નોર્થ કોરિયાના પરમાણુ કાર્યક્રમને ખતમ કરવાની માગણી સાથે નિષ્ફળ રહી હતી. ટ્રમ્પે પણ સામે પક્ષે પ્રતિબંધોમાં કોઇ ફેરફાર નહીં કરવાનું વલણ યથાવત રાખ્યું હતું.

જો કે, ટ્રમ્પ-કિમની મુલાકાત બાદ નોર્થ કોરિયાની સ્થિતિ સ્થિર થઈ છે, પરંતુ આર્થિક સ્થિતિમાં કોઇ સુધારો નથી જોવા મળ્યો. જેના કારણે કિમ રશિયા પાસે મદદ માંગી શકે છે. રશિયા પણ નોર્થ કોરિયાના પરમાણુ કાર્યક્રમને ખતમ કરવામાં સહયોગ વધારી શકે છે.

રાહુલ જેવા લોકોને ચૂંટણી જ લડવા દેવી ન જોઈએ: ઉદ્ધવ ઠાકરે

મુંબઈ

શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યું છે કે ભાજપ અને શિવસેના જો એકબીજા સામે લડતા રહેત અને સંગઠિત ન થાત તો બંને પક્ષો દેશના દુશ્મન બની જાત. શિવસેનાના લોકસભાના ઉમેદવાર રાજન વિચારે માટે વોટની અપીલ કરતાં થાણે જિલ્લામાં એક રેલીને સંબોધતાં ઉદ્ધવ ઠાકેરેએ જણાવ્યું હતું કે વર્તમાન સરકારે સરહદ પરના જવાનોનું નૈતિક મનોબળ વધાર્યું છે. તેમણે પૂછ્યું હતું કે વિરોધ પક્ષ સર્જિકલ અને એર સ્ટ્રાઇક પર શા માટે વારંવાર સવાલ ઉઠાવે છે?

ઉદ્ધવ ઠાકરેએ વધુમાં જણાવ્યું હતું કે રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓમાં જે લોકો સામેલ હશે તેમને છોડવામાં આવશે નહીં, તેમને ફાંસીએ લટકાવી દેવામાં આવશે. ઉદ્ધવ ઠાકરેએ શિવસેનાના ઉમેદવાર માટે ચૂંટણી સભાને સંબોધતાં કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષોની રાષ્ટ્રવિરોધી તત્ત્વોને છાવરવાની પ્રવૃત્તિની સખત શબ્દોમાં ઝાટકણી કાઢી હતી. ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યું હતું કે જો અમે (ભાજપ-શિવસેના) લડતા રહેત તો અમે જ અમારા દેશના દુશ્મન બની ગયા હોત. દેશદ્રોહ કાયદો નાબૂદ કરવાના કોંગ્રેસના ચૂંટણી વાયદા અંગે ટિપ્પણી કરતાં ઉદ્ધવ ઠાકરેએ રાહુલ ગાંધીની સખત ઝાટકણી કાઢતાં જણાવ્યું હતું કે રાહુલ જેવા લોકોને ચૂંટણી જ લડવા દેવી ન જોઈએ.

૨૬થી ૨૮ એપ્રિલ દરમિયાન રાજ્યમાં હિટવેવની આગાહી, અમદાવાદમાં ઓરેન્જ એલર્ટ

૪૩ ડિગ્રી સાથે ભૂજ સૌથી ગરમ શહેર

અમદાવાદ

ગુજરાત માટે હવે આકરા ગરમીના દિવસોની શરૂઆત થઈ ગઈ છે. ૨૨ એપ્રિલથી ગુજરાતમાં આગ દઝાડતી ગરમી પડી રહી છે. ત્યારે ગુજરાતના મોટાભાગના શહેરનો પારો ૪૩ ડિગ્રીએ પહોંચી ગયો છે. આ વચ્ચે હવામાન ખાતાએ હીટવેવની આગાહી કરી છે.

ગુજરાતમાં ઉત્તર પશ્ચિમની દિશમાંથી પવન ફૂંકાયા છે, જેને પગલે રાજ્યમાં ૨૬ થી ૨૮ એપ્રિલ દરમિયાન હવામાન વિભાગ દ્વારા હિટવેવની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ, બનાસકાંઠા, સાબરકાંઠા, ગાંધીનગર, વડોદરા, રાજકોટ, સુરેન્દ્રનગર, અમરેલીમાં ગરમ પવન ફૂંકાશે. અમદાવાદમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે અને ૨૬ એપ્રિલ માટે અમદાવાદમાં રેડ એલર્ટ જાહેર કરાયું છે. ત્યારે આ આવનારા દિવસોમાં તાપમાન ૪૩થી ૪૪ સેલ્શિયસ ડિગ્રી પર પહોંચવાની સંભાવના હવામાન ખાતાએ વ્યક્ત કરી છે.

૨૩ એપ્રિલના રોજ મતદાન સમયે ગુજરાતવાસીઓએ ૪૩ ડિગ્રી ગરમીના પારા વચ્ચે મતદાન કર્યું હતું. ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં બપોર સુધી ઓછુ મતદાન નોંધાયું હતું. તો મહેસાણા અને ભરૂચમાં બે મતદાતાઓનુ મતદાન બૂથમાંથી બહાર નીકળ્યા બાદ મોત થયું હતુ.

અરવલ્લી જિલ્લામાં બુધવારે ૪૨ ડિગ્રી ટેમ્પરેચર નોંધાયું છે. ગરમીનો પારો ૪૨ ડિગ્રીને પાર કરી જતા લોકો પરેશાન થયા છે. તો અન્ય શહેરોમાં પણ પારો ૪૨ થી ૪૩ ડિગ્રીની આસપાસ રહ્યો છે.

એએમસીનો એક્શન પ્લાનઃ શહેરના તમામ અર્બન સેન્ટર પર ઓઆરએસની વ્યવસ્થા કરવામાં આવી છે. બગીચાઓ રાત્રે ૧૧ વાગ્યા સુધી ખુલ્લા રખાશે અને પીવાના પાણીની વ્યવસ્થા કરાશે. તમામ આંગણવાડીમાં ઓઆરએસ પેકેટ પહોંચાડવામાં આવશે. એસ્ટેટ વિભાગ દ્વારા કન્સ્ટ્રક્શન સાઈટો પર પીવાના પાણીની વ્યવસ્થા ઉભી કરાશે. હિટસ્ટ્રોકના દર્દીઓને તાત્કાલિક સારવાર મળે તે માટે આઈસ પેકની વ્યવસ્થા કરવામાં આવી. એએમટીએસનાં તમામ બસ ડેપોમાં પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવી. શહેરના તમામ બીઆરટીએસના બસ સ્ટેન્ડ પર ઓઆરએસ પેકેટનું વિતરણ કરવામાં આવશે. શહેરમાં છ મોબાઈલ પાણીની પરબ પણ ચાલુ કરવામાં આવી છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે એપ્રિલના છેલ્લા સપ્તાહમાં રાજ્યમાં કાળઝાળ ગરમી પડશે. મહત્વનું છે કે હવામાન વિભાગે હજુ સુધી રાજ્યમાં હીટવેવની કોઈ આગાહી નથી આપી. આ સપ્તાહમાં શુક્રવારે ૪૪ ડિગ્રી, શનિવારે ૪૫ અને રવિવારે પણ તાપમાન ૪૫ ડિગ્રી પહોંચી જશે. ઉલ્લેખનીય છે કે ગઈકાલે કાળઝાળ ગરમી વચ્ચે પણ ગુજરાતીઓએ મતદાન કર્યું હતું. અમદાવાદમાં આજથી પારો ઉચકાશે.

રાજસ્થાન તરફથી ગરમ પવન ફૂંકાતા ઊનાળો આકરા પાણીએ થાય તેવી વકી

ઈરાન પર લગાવેલા ઓઈલ પ્રતિબંધોની અસર ચાબહાર પ્રોજેક્ટ પર નહીં થાય

વોશિંગ્ટન

ઈરાનમાં ભારત દ્વારા બનાવવામાં આવતા રણનૈતિક ચાબહાર પોર્ટ પ્રોજેક્ટ પર અમેરિકાના પ્રતિબંધોની કોઈ અસર નહીં હોય. સોમવારે અમેરિકન સરકારે નિર્ણય કર્યો હતો કે, ઈરાનથી ઓઈલ આયાત કરનારા દેશોને પ્રતિબંધોમાં કોઈ છૂટ નહીં આપવામાં આવે. આ વર્ષે મે મહિનામાં ભારત સહિત ૮ દેશોને પ્રતિબંધોમાં મળેલી છૂટની સીમા ખતમ થઈ રહી છે. હવે અમેરિકન એડમિનિસ્ટ્રેશનમાં એક અધિકારીએ કહ્યું કે, ચાબહાર પ્રોજેક્ટ અલગ છે અને તેના પર પ્રતિબંધોની કોઈ ખાસ અસર નહીં પડે.

ઈરાનના ચાબહાર પોર્ટ ભારતના સહયોગથી બનાવવામાં આવી રહ્યો છે. તેને ભારત, અફઘાનિસ્તાન અને ઈરાનના મધ્ય એશિયન દેશો સાથે વેપાર માટે મહત્વનો ગણાય છે. આ પોર્ટ હિન્દ મહાસાગર પર ઈરાનના સીસ્તાન અને બલૂચિસ્તાન પ્રાંતમાં વિકસિત કરવામાં આવી રહ્યો છે. ભારતના પશ્ચિમ કોસ્ટથી ચાબહાર પોર્ટ સરળતાથી પહોંચી શકાશે. આ પ્રોજેક્ટને ગ્વાદર (પાકિસ્તાન)ની સરખામણીએ ભારતના રણનૈતિક પોર્ટ તરીકે જોવામાં આવી રહ્યો છે. ગ્વાદરને બેલ્ટ એન્ડ રોડ પ્રોજેક્ટ હેઠળ ચીન વિકસિત કરી રહ્યું છે. ચાબહારથી અફઘાનિસ્તાનને રેલમાર્ગથી જોડવામાં આવશે. અમેરિકાએ ગત વર્ષે પોર્ટ પર વિકાસને લઈને ભારતને કેટલાંક ખાસ પ્રતિબંધોમાં છૂટ આપી હતી.

દિલ્હીના ઉમેદવારોમાં ગૌતમ ગંભીર સૌથી ધનવાન

ન્યુ દિલ્હી

લોકસભાની ચૂંટણીમાં દિલ્હીનાં દરેક ઉમેદવારમાંથી ભારતીય ક્રિકેટર ગૌતમ ગંભીર સૌથી ધનવાન ઉમેદવાર છે. તેની કુલ સંપત્તિ ૧૪૭ કરોડ રૂપિયા છે. ક્રિકેટ જગતમાંથી રાજકારણમાં આવેલો ગૌતમ ગંભીર પહેલી વખત ચૂંટણી લડી રહ્યો છે. ગંભીરે આ અંગે જણાવ્યું હતું કે તેણે ૨૦૧૭-૧૮ માટે દાખલ કરેલા ઈનકમ ટેક્સ રિટર્નમાં લગભગ ૧૨.૪૦ કરોડની આવક દર્શાવી છે.

ગંભીરની પત્ની નતાશા ગંભીરે આ દરમિયાન દાખલ કરેલા રિટર્નમાં ૬.૧૫ લાખ રૂપિયાની આવક દર્શાવી છે. ગૌતમ ગંભીરે એફિડેવિટમાં ૧૪૭ કરોડ રૂપિયાની સ્થિર અને અસ્થિર સંપત્તિ હોવાની જાહેરાત કરી છે. દિલ્હી ભાજપના અધ્યક્ષ મનોજ તિવારીની એફિડેવિટ અનુસાર તેમની કુલ સંપત્તિ ૨૪ કરોડ રૂપિયા છે જેમાં ૨૦૧૪ની સરખામણીએ ૪.૩૩ કરોડ રૂપિયાનો વધારો નોંધાયો છે.

૨૦૧૭-૧૮ના રિટર્ન અનુસાર તેમની આવક ૪૮.૦૩ લાખ રૂપિયા છે. દક્ષિણ દિલ્હીના ભાજપના સાંસદ રમેશ બિધૂડીએ પોતાના એફિડેવિટમાં ૧૮ કરોડ રૂપિયાની સંપત્તિ દર્શાવી છે. જેમાં છેલ્લા પાંચ વર્ષમાં લગભગ ૩.૫ કરોડ રૂપિયાનો વધારો નોંધાયો છે.

સજાનાં ડરથી ખામીયુક્ત ઈવીએમ વિશે ફરિયાદ નહોતી કરીઃ પૂર્વ પોલીસ વડા

ગુવાહાટી

આસામ રાજયનાં પૂર્વ પોલીસ વડા હરેકિષ્ણા ડેકાએ એવો આરોપ લગાવ્યો છે કે, ગુવાહાટીમાં મતદાન મથકમાં વોટર વેરિફાયેબલ ઓડિટ ટ્રેલ મશીનમાં ગરબડ હતી અને જ્યારે મતદાતા મતદાન કરતા હતા ત્યાકે મતદાન કોઈ ઉમેદવારને કર્યું હોય અને વીવીપેટ સ્લીપમાં અન્ય કોઈને દેખાડતું હતું.

જો કે, પૂર્વ પોલીસ વડાએ કહ્યું કે, તેમણે તે વખતે ફરીયાદ નહોતી કરી. કેમ કે તેમને ડર હતો કે, જો તેમને આરોપ પૂરવાર નહી થાય તો તેમની સામે શિક્ષાત્મક પગલા લેવાશે.

તેમણે કહ્યું કે, મારુ મતદાન મથક લચિત નગર એલ.પી સ્કૂળમાં હતુ અને હું સૌથી પહેલો મતદાન કરવા ગયો હતો. મતદાન થોડું મોડુ શરૂ થયુ હતુ હતુ. મને આનું કારણ ખબર નથી. પણ જયારે મેં મતદાન કર્યું પણ મેં ત્યારે તેની સામે ઉમેદવારનું નામ દર્શાવ્યું નહોતું. અન્ય કોઈ ઉમેદવારનું નામ દર્શાવતું હતું".

"આ સમયે ઉપસ્થિત કર્મચારીઓનું ધ્યાન દોર્યુ હતું કે, ઈવીએમમાં કોઈ ખામી છે. પણ તેમણે કહ્યું તે, તેમ તેને પડકારી શકો છે. તેમણે એમ પણ કહ્યું કે, તેઓ મને આની રિસીપ્ટ આપશે અને તેના માટે મારે બે રૂપિયા આપવા પડશે પણ મને એવું કહેવામાં આવ્યું કે, જો તમે ખોટી ફરિયાદ કરશો તો તમારી સામે શિક્ષાત્મક પગલા લેવામાં આવશે,".

યુપીની ફેમસ ડીશ લિટ્ટી ચોખાના દીવાના થયા ઋત્વિક રોશન



અભિનેતા હ્રતિક રોશન તેમની આગામી ફિલ્મ 'સુપર ૩૦' સાથે દર્શકોનું મનોરંજન કરવા માટે તૈયાર છે.

સુપર ૩૦ની શૂટિંગ માટે તેમને વારાણસીમાં ઘણો સમય વિતાવ્યો। આ દરમિયાન હ્રિતિક ને યુપી ની ફેમસ ડીશ લિટ્ટી ચોખાની ભરપૂર માજા માણી હતી, અને હવે તે તેની ફેવરેટ ડીશ બની ગઈ છે. હ્રિતિક રોશન લિટ્ટી ચોખા ના એટલા દીવાના થયા છે કે, શૂટિંગ પત્યા બાદ પણ હાજી હ્રિતિક તેના સ્વાદને યાદ કરે છે. હ્રિતિક રોશનની સુપર ૩૦ ની શૂટિંગ શરૂ થયું ત્યારથી જ ચર્ચામાં છે. સુપર ૩૦ સ્પેશિયલ ૩૦ નામના ગ્રુપ પર આધારિત સત્યઘટના છે. જેમાં આર્થિક રીતે પછાત બાળકોને્ની પ્રવેશ પરીક્ષા માટે ભણાવતા શિક્ષકની વાત છે. આ ફિલ્મમાં હ્રિતિક રોશનની સાથે સાથે મૃણાલ ઠાકુર, અમિત સઢ અને નંદીશ સંધુ દેખાશે. ફિલ્મ ૨૬ જુલાઈ ૨૦૧૯ના રોજ રિલીઝ થઈ રહી છે.

ભાજપને મોટો ફટકો, ટિકિટ નહીં આપતા ઉદિત રાજ કોંગ્રેસમાં જોડાયા



ન્યુ દિલ્હી

લોકસભા ચૂંટણી અગાઉ દિલ્હીમાં ભાજપને એક મોટો ફટકો પડ્યો છે. ખ્યાતનામ દલિત નેતા ઉદિત રાજે પક્ષ સાથે છેડો ફાડી લીધો છે અને ભાજપમાં જોડાઈ ગયા છે. ભાજપના ઉત્તરપશ્ચિમ દિલ્હી બેઠકના સાંસદ રાજે પક્ષને ચીમકી આપી હતી કે મંગળવાર સુધીમાં તેમનું નામ લોકસભા ચૂંટણી માટે જાહેર નહીં કરાય તો તેઓ પક્ષ સાથે છેડો ફાડી લેશે. બુધવારે ઉદિત રાજે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીની હાજરીમાં કોંગ્રેસનો ખેસ પહેર્યો હતો. કોંગ્રેસે ઉત્તર પશ્ચિમ દિલ્હી બેઠક પરથી પંજાબી ગાયક હંસરાજ હંસને લોકસભાના ઉમેદવાર જાહેર કર્યા છે. રાજે કોંગ્રેસમાં જોડાયા બાદ જણાવ્યું કે, 'ટિકિટ ફાળવણી મામલે તેમણે અધ્યક્ષ અમિત શાહ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વાત કરી હતી પરંતુ કોઈ પ્રતિસાદ સાંપડ્યો ન હતો. પક્ષના વરિષ્ઠ નેતાઓ નીતિન ગડકરી અને રાજનાથ સિંહે મને રાહ જોવા જણાવ્યું હતું. ભાજપે શા માટે ટિકિટ નથી આપી તેનું કોઈ કારણ મને સમજાતું નથી.' તેમણે ભાજપ પર સ્ફોટક આરોપો મુકતા કહ્યુ હતુ કે, આ બેઠક પર ભાજપની જીત નિશ્ચિત છે છતા મારી ટિકિટ એટલે માટે કાપવામાં આવી છે કે, ૨ એપ્રિલ, ૨૦૧૮ના રોજ દલિતો માટેના કાયદાને કમજોર બનાવવાની મોદી સરકારની યોજનાના વિરોધમાં બોલાવાયેલા ભારત બંધને મેં ટેકો આપ્યો હતો.

'યોગી'એ જાપાનમાં ચૂંટણી જીતી ઈતિહાસ સજર્યો

ટોક્યો

ભારતીય મૂળના એક જાપાની વ્યક્તિએ ટોક્યોના ઈદોગાવા વોર્ડ એસેમ્બલી ચૂંટણી જીતીને ઈતિહાસ સજર્યો છે. જાપાનની અત્યાર સુધીની ચૂંટણીમાં કોઈ પણ ભારતીય વિજયી બન્યો નથી. જાપાનનું નાગરિકત્વ ધરાવતા પુરાણિક યોગેન્દ્ર (૪૧)ને કુલ ૨,૨૬,૫૬૧ મતોમાંથી પાંચમાં સૌથી વધારે ૬,૪૪૭ મત મળ્યા હતા. લોકો તેમને પ્રેમથી 'યોગી' નામથી બોલાવે છે.

જાપાનમાં ૨૧મી એપ્રિલે સંયુક્ત સ્થાનિક ચૂંટણી માટે મતદાન થયું હતું. જાપાનની કોન્સ્ટિટ્યૂશનલ ડેમોક્રેટિક પાર્ટીનાં સમર્થનથી વિજય મેળવનારા 'યોગી'એ આ અંગે જણાવ્યું હતું કે 'હું જાપાનીઓ અને વિદેશીઓ વચ્ચે મધ્યસ્થીનો સેતુ બનવાનું કામ કરવા માગું છું.' ઈદોગાવા વોર્ડ એવો વિસ્તાર છે જયાં મોટી સંખ્યામાં ભારતીયો વસવાટ કરે છે. જાપાનમાં રહેતા ભારતીયોની કુલ સંખ્યા ૩૪ હજાર છે. ઈદોગાવા વોર્ડમાં ચીની અને કોરિયન લોકોની સંખ્યા પણ ઘણી વિશાળ છે.

રોહિત શેખર મર્ડર કેસ ઉકેલાયો, પત્નીની ધરપકડ

લખનઉ

યુપીના પૂર્વ સીએમ નારાયણ દત્ત તિવારીના પુત્ર રોહિત શેખરની હત્યાના કેસમાં પત્ની અપૂર્વા શુકલાની કાઈમ બ્રાન્ચે ધરપકડ કરી લીધી છે. સૂત્રોનું કહેવું છે કે અપૂર્વાની વિરૂદ્ધ પૂરતા પુરાવા મળ્યા બાદ પોલીસે તેની ધરપકડ કરી લીધી છે. ૧૬મી એપ્રિલના રોજ રોહિત પોતાના બંગલાના રૂમમાં મૃત જોવા મળ્યો હતો. પોલીસે હત્યાની પુષ્ટિ બાદ કેટલાંક કલાકો સુધી તેમની પત્નીની પૂછપરછ પણ કરી હતી. અત્યાર સુધીની મળતી માહિતી પ્રમાણે પોલીસને અપૂર્વાની વિરૂદ્ધ પુરતા પૂરાવા મળ્યા છે, ત્યારબાદ તેમની ધરપકડ કરાઈ છે. શનિવારના રોજ પોલીસે અપૂર્વાની આઠ કલાક સુધી લાંબી પૂછપરછ કરી. સૂત્રોનું કહેવું છે કે અપૂર્વાના નિવેદનોમાં તાલમેલ નહોતો. મીડિયા રિપોર્ટસના મતે આ હત્યાકાંડને અંજામ આપવામાં અપૂર્વા સંપૂર્ણપણે સામેલ હતી. તપાસ ટીમ હવે અન્ય આરોપીઓને પણ અરેસ્ટ કરી શકે છે. આ કેસમાં રોહિતની પત્ની અપૂર્વાની સિવાય ઘરમાં હાજર બે નોકરોના નિવેદન પણ પોલીસને શંકાસ્પદ લાગ્યા હતા. સીન રીકંસ્ટ્રક્શન દરમ્યાન પોલીસને જાણવા મળ્યું કે હૉલવેના બે સીસીટીવી કેમેરા કામ કરી રહ્યા હતા. બાદમાં કેમેરા ખરાબ મળ્યા. પોલીસ અધિકારીએ કહ્યું કે અડધી રાત બાદ અપૂર્વા સીસીટીવીમાં ફર્સ્ટ ફ્લોર પર જતા દેખાયા હતા જયારે સ્થાનિક નોકરોના મતે તેઓ રાત્રે ૨.૩૦ વાગ્યા સુધી ગ્રાઉન્ડ ફ્લોર પર કાઈમ સીરીયલ જોઈ રહ્યા હતા.

ભારતે શ્રીલંકાને આતંકવાદી હુમલા અંગે ત્રણ વખત ચેતવણી આપી હતી

કોલંબો

શ્રીલંકામાં રવિવારે થયેલા શ્રેણીબદ્ધ બોંહબ વિસ્ફોટ અગાઉ શ્રીલંકન ગુપ્તચર અધિકારીઓને આ વિશે ઈનપુટ મોકલવામાં આવ્યા હોવાનો ભારતે દાવો કર્યો હતો. હુમલામાં ચર્ચ અને હોટલોને નિશાન બનાવાયા હતા. જેમાં મૃત્યુઆંક ૩૫૯ સુધી પહોંચ્યો હતો. આતંકવાદી સંગઠન આઈએસઆઈએસે મંગળવારે આ હુમલાની જવાબદારી સ્વિકારી હતી. સૂત્રોનાં જણાવ્યા અનુસાર ભારતે આ હુમલાના બે કલાક પહેલાં જ શ્રીલંકાને ચેતવ્યું હતું. ભારતે શ્રીલંકાને આતંકવાદી હુમલા અંગે ત્રણ વખત ચેતવણી આપી હતી. એક ઈન્ટેલિજન્સ અધિકારીએ નામ નહી આપવાની શરતે કહ્યુ હતુ કે, પહેલી વોર્નિંગ ૪ એપ્રિલે આપવામાં આવી હતી.

કોઈ મંત્રીના ક્ષેત્રમાં ઉમેદવાર હાર્યો, તો કેબિનેટ પદ જશેઃ અમરિંદર સિંહ

હરિયાણા

પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહે પોતાની સરકારના મંત્રીઓને ચેતાવણી આપી છે, કેપ્ટને કહ્યું છે કે જો મંત્રીઓના વિસ્તારમાંથી કોઈ પાર્ટી કેન્ડિડેટ હાર્યો તો તે મંત્રીઓનું કેબિનેટ પદ છીનવી લેવામાં આવશે. કેપ્ટને જણાવ્યું કે આ આદેશ પાર્ટીના શીર્ષ નેતૃત્વએ આપ્યા છે. પાર્ટી શીર્ષ નેતૃત્વએ કહ્યું છે કે જો કોઈ મંત્રી પોતાના વિસ્તારમાંથી સાંસદ ઉમેદવારને જીતાડવામાં અસફળ રહ્યો તો તેને પોતાની નોકરીથી હાથ ધોવાનો વારો આવશે.

ગત લોકસભા ચૂંટણી દરમિયાન પણ રાજયમાં કોંગ્રેસનું પ્રદર્શન સારું ન હતું. માત્ર ૧૩માંથી પાર્ટીએ માત્ર ૩ સીટ જ જીતી હતી. ત્યારે ખુદ કેપ્ટન અમરિંદર સિંહ ભાજપના નેતા અરુણ જેટલી સામે અમૃતસર સીટ પર ઉભા હતા. હાઈપ્રોફાઈલ આ મુકાબલામાં અમરિંદરે અરુણ જેટલીને હરાવ્યા હતા. જો કે આ પહેલા બે વખત ભાજપ નેતા અને પૂર્વ ક્રિકેટર સિદ્ધુ ચૂંટણી રહ્યાં હતા.

હવે પાર્ટી માટે ગત વિધાનસભાની સ્થિતિ અલગ હતી, હવે રાજયમાં પણ કોંગ્રેસ પાર્ટીની સરકાર છે. એવામાં કોંગ્રેસ સંપૂર્ણ જોર લાગાવ્યું છે કે રાજયમાં પ્રદર્શનને વધુ સારું કરવામાં આવે. રાજયમાં પાર્ટીની પાસે એક મોટા ચહેરા તરીકે સીએમ અમરિંદર સિંહ છે, યુપીએ સરકારમાં કેન્દ્રીય મંત્રી સહિત રાજ્યમાં અનેક સીટ પર કોંગ્રેસની પ્રતિષ્ઠા દાવ પર છે. એવામાં માનવામાં આવી રહ્યું છે કે શીર્ષ નેતૃત્વના મંત્રીઓ પર જીતનું દબાણ સુનિશ્ચિત કરવા માટે બનાવવામાં આવ્યું છે.

ટેરિફ ઓર્ડરનું પાલન ન કરવા બદલ ટ્રાઈએ એરટેલ ડિજિટલ ટીવીને ફટકાર લગાવી

ન્યુ દિલ્હી

ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ બ્રોડકાસ્ટિંગ અને કેબલ ટીવી સર્વિસીઝ સાથે જોડાયેલા નવા રેગ્યુલેટરી ઢાંચાનું પાલન ન કરવા માટે ભારતી ટેલિમીડિયાને ફટકાર લગાવી છે. ડીટીએચ સર્વિસ પ્રાપ્ત કરાવનારી એરટેલ ડિજિટલ ટીવીને આ જ કંપની ચલાવે છે. નિર્દેશમાં ટ્રાઈના બ્રોડકાસ્ટ અને કેબલ સર્વિસીઝ એડવાઈઝર અરવિંદ કુમારે કંપનીને સબ્સક્રાઈબર્સ દ્વારા આવેલી તમામ ફરિયાદોનું સમાધાન કરવા અને નવા નિયામકીય ઢાંચાનું પાલન કરવા જણાવ્યું છે, જેમાં નવા ટેરિફ ઓર્ડર માટે પ્રાવધાન, સર્વિસ સ્ટાન્ડર્ડની ક્લોલિટી અને કન્ઝ્યુમર પ્રોટેક્શન સાથે જોડાયેલા રેગ્યુલેશનનો સમાવેશ થાય છે. ટ્રાઈએ કંપનીને પાંચ દિવસની અંદર નવા રેગ્યુલેટરી ઢાંચાનું પાલન કરવા કહ્યું છે.

સબ્સક્રાઈબર્સ દ્વારા પ્રાપ્ત થયેલી ફરિયાદો, એરટેલ ડિજિટલ ટીવીની વેબસાઈટ અને ટ્રાઈના અધિકારીઓ દ્વારા કન્ઝ્યુમર પરિસરની તપાસ બાદ રેગ્યુલેટરે જાણ્યું કે ડીટીએચ ઓપરેટર પોતાના સબ્સક્રાઈબર્સને જબરદસ્તી ફી ટૂ એર ચેનલોને બુકે ઓફર કરી રહ્યા છે જેમાં કોઈ વિકલ્પ નથી. ટ્રાઈએ કહ્યું કે કન્ઝ્યુમરની સહમતી વગર ઓફર કરવામાં આવી રહેલા આ બુકેમાં કોઈ અતિરિક્ત નેટવર્ક કેપેસિટી નથી. આ સબ્સક્રાઈબર્સની પસંદ કરવામાં આવેલી ચેનલો સીવાય વધારે ચેનલ છે.

ચૂંટણી બાદ 'પીએમ નરેન્દ્ર મોદી' રિલીઝ કરાશેઃ ચૂંટણી પંચ

ન્યુ દિલ્હી-મુંબઈ

ચૂંટણી પંચે તે વાતનું ફરી પુનરાવર્તન કર્યું કે, લોકસભા ચૂંટણી દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આધારિત ફિલ્મની રિલીઝ પર પ્રતિબંધ લગાવવાનો તેમનો નિર્ણય યોગ્ય અને કાયદેસર છે. બુધવારે એક સૂત્રએ અહીં આ વાતની જાણકારી આપી હતી. પંચે સોમવારે બોયોપિક 'પીએમ નરેન્દ્ર મોદી' સંબંધિત પોતાનો રેકોર્ડ એક સીલબંધ કવરમાં સર્વોચ્ચ ન્યાયાલયને સોંપ્યો હતો.

સુપ્રીમ કોર્ટને સોંપેલા ચૂંટણી પંચના રિપોર્ટથી માહિતગાર એક સૂત્રએ તે વાતની જાણકારી આપી કે જે અધિકારીઓએ આ ફિલ્મ જોઈ છે તેમનું માનવું છે કે, ચૂંટણી દરમિયાન આ ફિલ્મને રિલીઝ કરવામાં આવશે તો એક વિશેષ રાજકીય પક્ષને તેનો ભરપૂર લાભ મળશે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું કે, તેને ધ્યાનમાં રાખીને પંચનો આ નિર્ણય યોગ્ય છે કે ૧૯ મેએ લોકસભા ચૂંટણીના અંતિમ તબક્કાના મતદાન બાદ ફિલ્મને રિલીઝ કરવામાં આવે.

ચૂંટણી પંચના આ રિપોર્ટ પર સર્વોચ્ચ ન્યાયાલય શુક્રવારે નિર્ણય લેશે. પંચે પોતાના વકીલ રાકેશ દ્વિવેદીના માધ્યમથી કોર્ટમાં આ રિપોર્ટ જમા કરાવ્યો છે. સર્વોચ્ચ ન્યાયાલયની પીઠે પંચને આ રિપોર્ટને ફિલ્મ પ્રોડ્યૂસરની સાથે શેર કરવાની સૂચના આપી છે. સેન્ટ્રલ ફિલ્મ સર્ટિફિકેશન બોર્ડ (સીબીએફસી)ની મંજૂરી મળ્યા બાદ પણ ફિલ્મની રિલીઝને રોકવાના ચૂંટણી પંચના નિર્ણય વિરુદ્ધ ફિલ્મ પ્રોડ્યૂસરે સુપ્રીમનો દરવાજો ખખડાવ્યો હતો.

બેદરકારી દાખવનારા અધિકારી સામે દંડાવાળી થશે : યોગી

લખનઉ

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે રાજ્યના અધિકારીઓને કડક શબ્દોમાં ચેતવણી આપી છે. યોગીએ કહ્યું, 'જે કોઈ અધિકારી પોતાના કાર્યમાં બેદરકારી દાખવશે તેની સામે દંડાવાળી થશે. ચૂંટણી બાદ હું જાતે જ તપાસ કરવા માટે જવાનો છું અને જો કોઈ પણ કામમાં અધિકારીની બેદરકારી જોવા મળશે તો તેમને દંડાથી પાઠ ભણાવાશે.'

યોગીએ કહ્યું કે, 'મેં પહેલા પણ ચેતવ્યા હતા કે ઉત્તર પ્રદેશના યુવાનોના ભવિષ્ય સાથે કોઈ પણ અધિકારી અથવા કર્મચારી રમત રમવાનો પ્રયાસ કરશે તો તેમની ધરપકડ કરવામાં આવશે અને તેમની સંપત્તિ પણ જપ્ત કરવામાં આવશે.'

તેમણે ચૂંટણી પંચ દ્વારા લગાવેલા પ્રતિબંધ બાબતે પણ વિપક્ષ પર પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું હતું કે વિપક્ષો તેમના પર બજરંગબલીનું નામ લેવાના કારણે પ્રતિબંધ લગાવી દીધો હતો.

પ્રતિબંધ દરમિયાન બજરંગબલીના અલગ-અલગ મંદીરોમાં જઈને મેં તેમના આશીર્વાદ લીધા. હનુમાન ચાલીસાની એક પંક્તિ ગાતા કહ્યું કે, જાતિવાદગ, વિપક્ષનું ગઠબંધન, ભ્રષ્ટાચાર, અરાજકતા સંબંધિત બધી જ તકલીફો બજરંગબલીની કૃપાથી છૂમંતર થઈ ગઈ.

તંત્રી સ્થાનેથી...

ઘુસણખોરીની રાજનીતિ

લોકસભાની ચૂંટણી માટે મતદાનનો સિલસિલો જારી રહ્યો છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહ રાષ્ટ્રવાદના મુદ્દાને મુખ્ય રીતે મુદ્દો બનાવી રહ્યા છે. સાથે સાથે ઘુષણખોરીના મુદ્દા પર ચર્ચા થઈ રહી છે. રાજ્યોના પ્રવાસે રહેલા ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ અમિત શાહ ફરી એકવાર એનઆરસીનો મુદ્દો જોરદાર રીતે ઉછાળી રહ્યા છે. ભાજપના લોકોનુ કહેવુ છે કે ભાજપ સરકાર કાશ્મીરથી કન્યાકુમારી અને આસામથી રાજસ્થાન સુધી તમામગેરકાયદે પ્રવાસીઓની ઓળખ કરીને તેમને દેશ બહાર કરવાના પ્રયાસમાં લાગી ગઈ છે. અમિત શાહે દાવો કર્યો છે કે કોંગ્રેસ પાર્ટી ઘુસણખોરોને દેશમાં જ રાખવા માંગે છે અને તેમને વોટ બેંકની રાજનીતિ સાથે જોડી રહી છે. વર્ષોથી તેની આ ગતિવિધી જારી રહી છે. શાહનુ કહેવુ છે કે ભાજપ માટે દેશની સુરક્ષા સર્વોપરિ છે. આના સાથે કોઈ પણ કિંમતે બાંધછોડ કરવામાં આવશે નહી. પાર્ટી કોઈ પણ કેમ ન હોય જ્યારે સત્તામાં હોય છે ત્યારે તેના માટે સુરક્ષા સૌથી મોટી બાબત હોય છે. સુરક્ષા સૌથી મોટો મુદ્દો હોવો પણ જોઈએ. દેશમાં આટલી મોટી સંખ્યામાં ઘુસણખોરો કેમ આવી ગયા છે તે પણ મોટો સવાલ છે. આ મુદ્દો વારંવાર ચૂંટણી વેળા જ કેમ ઉઠાવવામાં આવે છે. જે રાજ્ય આસામમાં એનઆરસીની યાદી જારી કરવામાં આવી છે ત્યાં પણ વિધાનસભાની ચૂંટણી એ વખતે થઈ હતી જ્યારે કેન્દ્રમાં ભાજપ સરકાર હતી. ત્યાં હવે ભાજપની સરકાર બની ગઈ છે. દેશની સુરક્ષા, બાંગ્લાદેશી અને રોહિંગ્યા ઘુસણખોરોનો મુદ્દો ચૂંટણીના દિવસોમાં જ મતોના ધ્રુવીકરણ માટે કેમ ઉઠાવવામાં આવે છે. શુ કોઈ પાર્ટી પાસે આ પ્રશ્નનો જવાબ છે. શુ સહમતી વગર એનઆરસીને લાગુ કરી શકાય છે. છેલ્લી રિપોર્ટમાં ન્યાયાલયોમાં આ પ્રકારના પ્રશ્નો ઉઠાવવામાં આવી ચુક્યા છે. સુપ્રીમ કોર્ટે પણ વધારે તપાસ કર્યા વગર તેના અમલીકરણ પર હાલમાં પ્રતિબંધ મુકી દીધો છે. એનઆરસી કરતા વધારે જરૂર આજે દેશને આ બાબતની રહેલી છે કે રાજકીય પક્ષોમાં જે રીતની ઘુસણખોરી થઈ રહી છે તેને રોકવામાં આવે. વોટબેંકની રાજનીત ચૂંટણી નજીક આવતાની સાથે જ શરૂ થઈ જાય છે. દરેક પાર્ટી અન્ય મોટી પાર્ટીના નેતાને પોતાની તરફેણમાં લાવવા માટે પ્રયાસ કરે છે. આના માટે દરેક પાર્ટી દરેક પ્રકારની રમત રમે છે. તેમાં સફળતા પણ મેળવે છે. સરકારો અને દળોમાં આંતરિક ઘુસણખોરીને પહેલા રોકવામાં આવે તે જરૂરી છે. આંતરિક ઘુસણખોરીના કારણે રાજનીતિ ખરાબ થઈ રહી છે. જો આંતરિક ઘુસણખોરીને રોકવામાં આવશે તો તમામ સમસ્યા જાતે જ દુર થઈ જશે. આંતરિક ઘુસણખોરીને રોકવાના પ્રશ્ન પર કો પણ રાજકીય પક્ષ સહમત થાય તેવા કોઈ સંકેત નથી. છેલ્લા ૭૦ વર્ષથી આ પ્રકારની પ્રથા ચાલી રહી છે અને આગામી વર્ષોમાં પણ આ પ્રથા જારી જ રહેશે. રાજકીય પક્ષો પોતાની તકલીફને દુર કરી શકયા નથી. લોકસભા ચૂંટણીમાં રાજકીય પક્ષો બનજરૂરી રીતે મુદ્દા પર તેમની રજૂઆત કરી રહ્યા છે.

રાજકીય પક્ષ આંતરિક ઘુસણખોરી રોકશે તો તમામ જટિલ સમસ્યા દુર થઈ શકે છે

સ્થૂળતા અનેક બિમારીની જડ

તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે બ્લડપ્રેશર અને ડાયાબિટીસ થવા માટેના મુખ્ય કારણોમાં સ્થૂળતા સૌથી મુખ્ય કારણ છે. દેશમાં પાંચ પૈકી એક વ્યક્તિ ડાયાબિટીસ અને હાઈપરટેન્શનથી પરેશાન છે તેવા અહેવાલ બાદ આ અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે બ્લડપ્રેશર અને ડાયાબિટીસ થવા માટે મુખ્ય કારણ સ્થૂળતા છે. સ્થૂળતા જ આ મુખ્ય બિમારીઓને આમંત્રણ આપે છે. સાઈટના અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે લોકો નિયમિતપણે તેમના સુગર અથવા તો બ્લડપ્રેશર ઉપર નજર રાખતા નથી. અભ્યાસમાં સૂચન કરવામાં આવ્યું છે કે ત્રણ મહત્વપૂર્ણ પરિબળો છે જેના ટેસ્ટ નિયમિતગાળામાં થાય તે જરૂરી છે. આમા જણાવવામાં આવ્યું છે કે સુગર અને બ્લડપ્રેશર નિયમિતપણે ચકાસવામાં આવે તે જરૂરી છે. અભ્યાસમાં ખૂબ ઓછા લોકો આ ધારાધોરણ પાડી રહ્યા હોવાની બાબત જાણવા મળી છે.સ્થુળતા વધવાની શરૂઆત થવાની સાથે જ એકપછી એક લગતી બિમારી થવાની શરૂઆત થઈ જાય છે. સ્થુળતાને રોકવા માટે પણ સતત કસરત કરીને વજન અને બોડી નિયંત્રિત રાખવામાં આવે તે જરૂરી છે.

કેટલાક લોકો નોકરી કરતી વેળા બેઝિક વાતો પર ધ્યાન આપતા નથી

એમ તો તમે નોકરી ગુમાવી દેશો

તમામ લોકો ખુબ સારી રીતે જાણે છે કે નોકરી ખુબ જ મુશ્કેલથી મળે છે. જેથી કોઇ પણ વ્યક્તિ પોતાની નોકરી જાય તેમ ઇચ્છતી નથી. મોટા ભાગના લોકો એમ તો કહી શકે છે કે નોકરી કઇ રીતે હાંસલ કરી શકાય છે પરંતુ આ બાબત સાંભળવામાં ખુબ જ હાસ્યાસ્પદ લાગે છે કે નોકરી કઇ રીતે જાય છે. જો તમે જાણી જાવો કે નોકરી કઇ રીતે જાય છે તો સાવધાન થઇ શકાય છે. આવી જ રીતે યોગ્ય રીતે પોતાના વ્યવહારમાં ફેરફાર કરીને યોગ્ય પગલા લઇ શકાય છે. નોકરી જવા માટે કેટલીક ખોટી ટે વ્યક્તિમાં હોય છે. કેટલાક લોકોની ટેવ વર્ક પ્લેસ પર લેટ પહોંચવા માટેની હોય છે. તેમને લાગે છે કે શરૂઆતની ૩૦ મિનિટમાં મિટિંગ્સમાં કોઇ ખાસ બાબત હોતી નથી. જેથી તેઓ મિટિંગમાં મોડેથી પહોચે છે. જો તમે ડેડલાઇન્સને મીસ કરી દો છો અને લોકોને ઇન્તજાર કરાવવાની ટેવમાં છો તો તે યોગ્ય નથી. આવી સ્થિતીમાં તમારી નોકરી જઇ શકે છે. આપની ઓફિસમાં હાજરી ન હોવાની સ્થિતીમાં કેટલાક કામો રોકાઇ શકે છે. જેથી સાવધાન રહીને યોગ્ય પ્રસંગ પર હાજરી આપવામાં આવે તે ખુબ જરૂરી છે. ઓફિસ પહોંચતાની સાથે જ જો તમે કોઇ વ્યક્તિના સંબંધમાં ગોસિપ કરવા લાગી જાવો છો તો તે ટેવ પણ અયોગ્ય છે. આવી સ્થિતીમાં નોકરી પર સંકટ આવી શકે છે. જો તમે પોતાના ખાસ સાથી અથવા તો અન્યોની માહિતી મેળવવામાં લાગેલા રહો છો તો તે પણ યોગ્ય નથી. જોતમે કોઇ ખાસ મિત્રની અંગત માહિતી અથવા તો કોઇ રહસ્ય અન્યોની સાથે શેયર કરવા લાગી જાવો છો તો તે ટેવ અયોગ્ય છે. આના કારણે આપની છાપ ખરાબ થઇ જાય છે. જો તમે તમારા જીવનમાં હમેંશા નેગેટિવ રહો છો અને વાર્તાઓ ઉભી કરીને લોકોને સંભળાવતા રહો છો તો તેને કારણે પણ નોકરી જઇ શકે છે. બિનજરૂરી ગોસિપ કરવાની બાબત બિલકુલ યોગ્ય નથી. મૌન રહેવાની બાબતને સર્વોત્તમ ગણવામાં આવે છે. પરંતુ આનો મતલબ એ નથી કે



આપને એચઆર વિભાગથી પિન્ક સ્લિપ ન મળે તેના માટે સમય રહેતા ખોટી ટેવોને સુધારી દેવાની જરૂર પડશે : અનેક ખોટી ટેવ હોય છે

તમે તમારા બોસ દ્વારા કરવામાં આવેલા પ્રશ્નોનો જવાબ પણ ન આપો. જો તમે વર્ક પ્લેસ પર તમારા કોઇ પણ કલીગની સાથે કામના સંબંધમાં વાત કરશો નહીં તો આના કારણે ખોટી છાપ ઉભી થઇ શકે છે. કેટલાક લોકો ભુલ થવાની સ્થિતીમાં પણ ભુલ માનતા નથી. જો તમે વર્કપ્લેસ પર લોકોની નજર વચ્ચે નથી રહેતા તો ભારે નુકસાન થઇ શકે છે. યોગ્ય સમય પર યોગ્ય બાબત બોલવાની ટેવ પાડવામાં આવે તે જરૂરી છે. કેટલાક લોકોની ટેવ હોય છે કે રાત્રે જે વસ્ત્રોમાં પાર્ટી કરે છે તે જ વસ્ત્રોમાં સવારમાં ઓફિસ પહોંચી જાય છે. આનાથી ખરાબ બાબત કોઇ હોઇ શકે તેમ નથી. યોગ્ય વસ્ત્રો પહેરીને ઓફિસના નિયમોને પાળીને ઓફિસ પહોંચવામાં આવે તે જરૂરી છે. જરૂરી નથી કે દરેક બાબતને લેખિતમાં જ કહેવામાં આવે. કેટલીક બાબતોને તો પોતાની રીતે પણ ધ્યાન રાખવામાં આવે તે જરૂરી છે. યોગ્ય વસ્ત્રો પહેરવાની બાબત પણ તેમાં એક તરીકે છે. આવી રીતે તમે સભ્ય નજરે પડો છો. કેટલાક લોકો કોઈને કોઇ કારણસર અન્યોની ફરિયાદ કરતા રહે છે. તેઓ વિચાર કર્યા વગર બોલવાની ટેવ ધરાવે છે. તેઓ જાહેર રીતે પોતાના સાથીઓની ટિકા કરતા રહે છે. તેઓ લોકોના કામની ક્રેડિટ લેવા માટેના પ્રયાસ કરતા રહે છે. આ પ્રકારની હોશિયારીને કંપની ખુબ વહેલી તકે પકડી પાડે છે. આગળ જતા નોકરી પણ જઇ શકે છે. જો તમે વર્ક પ્લેસ પર દિવસભર મોબાઇલ ફોન પર લાગેલા રહો છો તો તે બાબત યોગ્ય નથી. ફેસબુક, ટ્વીટર, ઇન્સ્ટાગ્રામ જેવી સાઇટ ખોલી રાખી છે તો આ બાબત લાંબા સમય સુધી છપાયેલી રહેશે નહી. કંપની ક્યારેય એવુ ઇચ્છશે નહી કે તમે પોતાના કિંમતી સમયને સોશિયલ સાઇટ્સના માટે કરવામાં આવે. ઓફિસમાં સોશિયલ સાઇટનો વધારે ઉપયોગ કરવાની સ્થિતીમાં આપને નોકરીમાંથી બહાર કાઢવામાં આવી શકે છે. જેથી વર્કપ્લેસ પર પોતાના કામ પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. જો વર્ક પ્લેસ પર લોકોની વાતોને ધ્યાનમાં લેતા નથી તો એવુ બની શકે છે કે આગામી દિવસોમાં આપની નોકરી જઇ શકે છે. જો તમે તમામ પ્રકારના સુચનો, સલાહ અને અપેક્ષાથી દુર ભાગી રહ્યા છો તો ટુંક સમયમાં જ આપને નુકસાન થઇ શકે છે. જો તમે તમામને એમ કહેતા રહેશો કે તેમની કામ કરવાની આ જ રીત છે તો કંપની આપની જગ્યાએ અન્યની શોધ શરૂ કરી દે છે.

કેટલાક લોકો ઓફિસમાં એ જ કામ કરે છે જે કામ તેમની પ્રોફાઇલમાં લખવામાં આવે છે. તેમને પહેલાથી કોઇ કામ કહેવામાં ન આવે તો તેઓ કોઇ પણ કામ કરવાનો ઇન્કાર કરી નાંખે છે. આવા લોકો કોઇ જવાબદારી લેતા નથી અને લોકોની મદદ કરતા નથી. તેઓ એકસ્ટ્રા પ્રોજેક્ટ પર સ્વેચ્છાથી કામ કરતા નથી. આવા કર્મચારીઓ મુશ્કેલથી કંપનીની અપેક્ષા પર યોગ્ય સાબિત થાય છે. આવા લોકો કંપનીમાં ટકી રહી શકતા નથી.

મોંઘવારીના સમયમાં પગારદાર લોકો એકસ્ટ્રા ઇન્કમની શોધમાં છે

નેટથી એકસ્ટ્રા ઈનકમ મેળવી શકાય

આધુનિક ભાગદોડના સમયમાં અને મોંઘવારીના સમયમાં દરેક પગારદાર વ્યક્તિત વધારાની આવક મેળવી લેવાના પ્રયાસ કરે છે અને આના માટે જુદા જુદા પ્રયોગો કરતા રહે છે. જાણકાર લોકો કહે છે કે વધારાની આવક અથવા તો એકસ્ટ્રા ઇનમક મેળવી લેવાના જુદા જુદા વિકલ્પ છે. પરંતુ જો ઘરે બેઠા જ ઇન્ટરનેટ મારફતે એકસ્ટ્રા પૈસા આવવા લાગી જાય તો તેના કરતા સારી બાબત શુ હોઇ શકે છે. કેટલાક લોકો પાર્ટ ટાઇમ કામ કરીને પણ જંગી આવક મેળવી લેવામાં સફળ રહે છે. પાર્ટ ટાઇમ કામ પણ જો સારી આવકની સાથે હોય તે બાબત વધારે સારી સાબિત થઇ શકે છે. યુનિફોર્મ રિસોર્સ લોકેટર પણ એક એવુ કામ છે જેના કારણે સારી કમાણી કરી શકાય છે. આના મારફતે કેટલાક લોકોએ તો એક મહિનામાં જ હજારો રૂપિયાની કમાણી કરવા લાગી ગયા છે. અમે હમેંસા ઇન્ટરનેટ મારફતે કઇ રીતે કમાણી કરી શકાય છે તે અંગે માહિતી આપતા રહીએ છીએ. યુનિફોર્મ રિસોર્સ લોકેટરથી કમાણી કઇ રીતે કરવામાં આવે તે બાબત પણ આજે અમે ચર્ચા કરવા જઇ રહ્યા છીએ. આ ઇન્ટરનેટ મારફતે કમાણી કરવાના સૌથી લોકપ્રિય સાધન તરીકે છે. યુનફોર્મ રિસોર્સ લોકેટર શુ છે તે અંગે સૌથી પહેલા પ્રશ્ન થાય તે સ્વાભાવિક છે. આનો જવાબ એ છે કે યુનિફોર્મ રિસોર્સ લોકેટર એક એક માધ્યમ છે જેના કારણે સરળતાથી કોઇ પણ લિન્ક શેયર કરવામાં આવી શકે છે. સોશિયલ મિડિયા પર આ ટ્રેડ પણ કરે છે. હકીકતમાં નાના યુનિફોર્મ રિસોર્સ લોકેટર લિન્કને ઇન્ટરનેટ પર સરળતાથી રિડાયરેક્ટ કરી શકાય છે. આ કોઇ પણ સંસ્થાને લોકેટ કરવામાં મદદ કરે છે. ઇન્ટરનેટ પર વાયરલ



કેટલાક લોકો તો પાર્ટ ટાઇમ નોકરી કરીને પણ એકસ્ટ્રા ઇનકમ મેળવી લેવામાં સફળ રહે છે : સારી કમાણી હોય તો સોને પે સુહાગા છે

થનાર મેસેજ,વિડિયો અથવા તો ફોટો પણ તેના દ્વારા વાયરલ હોય છે. ગુગલ જેવી મોટી સંસ્થા યુનિફોર્મ રિસોર્સ લોકેટરને નાના કરવા જેવી સેવા આપે છે. ઇન્ટરનેટ મારફતે આના દ્વારા કમાણી કઇ રીતે થશે તે સીધો પ્રશ્ન છે. ઇન્ટરનેટ પર સોશિલ મિડિયા પર અમે કેટલીક ચીજો શેયર કરીએ છીએ. યુઆરએલ મારફતે કમાણી કરવા માટે જરૂર છે કે તમે યુઆરએલને નાના કરીને તેને સોશિયલ મિડિયા પર શેયર કરવામાં આવે. આપના દ્વારા શેયર કરવામાં આવેલા યુઆરએલ પર ફ્લેશ થનાર એડને જેટલા યુજર્સ નિહાળે છે તે દ્રષ્ટિથી કંપની આપને પેમેન્ટ કરે છે. લાઇક અને વિજિબિલિટીની દ્રષ્ટિએ આપની કમાણી નક્કી કરવામાં આવે છે. કઇ કંપની તક આપે છે તે અંગે પુછવામાં આવતા પ્રશ્નનો જવાબ એ છે કે એડએફડોટ એલવાય વેબસાઇટને સૌથી વિશ્વાસપાત્ર માનવામાં આવે છે. આના કારણે તમે યુઆરએલને શોર્ટ કરીને સરળતાથી પૈસા કમાવી શકાય છે. આના પર કેટલાક ફિચર્સ રહેલા છે. તેમાં લઘુતમ પેમેન્ટ પાંચ ડોલર છે. જેની ચુકવણી પે પોલના મારફતે આપના બેંક ખાતામાં આવે છે. આપના દ્વારા ઉભા કરવામાં આવેલા યુઆરએલ પર કેટલા હિટ્સ આવે છે તેના અંગે પણ માહિતી મળે છે. વેબસાઇટ દ્વારા નક્કી કરવામાં આવેલા યુઆરએલ પર દરેક દેશમાં અલગ અલગ રેટ નક્કી કરવામાં આવેલા છે. જે કાસ્ટ વ્યુ પર આધારિત હોય છે. ભારતમાં આ ૧.૦૯ ડોલર પ્રતિ ૧૦૦૦ વ્યુ છે. એટલે કે ૭૦.૮૫ રૂપિયાની દ્રષ્ટિએ નાણાં ચુકવે છે. ઘેર બેઠા દરરોજ હજારો રૂપિયાની કમાણી કરી શકાય છે. એડીવી ડોટ -૨ પરથી પણ યુઆરએલને નાના કરીને એક ચોક્કસ રકમ મેળવી શકાય છે. તેમાં ખાસ બાબત એ છે કે તેના પર તમે એક વખતમાં ૧૦૦ અથવા તો તેનાથી વધારે યુઆરએલ એક સાથે નાના કરીને કામ કરી શકો છો. આ વેબસાઇટ પર પરફોર્મિંગ મીટર દ્વારા કેટલાક પગલા લેવામાં આવે છે. અલબત્ત ભારતમાં તેના દ્વારા મળતી રકમ પ્રમાણમાં ઓછી છે. આ વેબસાઇટ ભારતમાં એક લિન્ક પર ૧૦૦૦ વ્યુ આવવાની સ્થિતીમાં ૦.૪૧ ડોલર અથવા તો ૨૬ રૂપિયા આપે છે. લિન્ક બક્સ પણ આ રીતે કામ કરે છે. આના મારફતે યુઆરએલને નાના કરીને પોતાના સોશિયલ નેટવર્ક પર અથવા તો પોતાની વેબસાઇટ પર શેયર કરી શકાય છે. ભારતમાં આ વેબસાઇટસ ૦.૯૧ ડોલર અથવા તો ૫૮ રૂપિયા પ્રતિ વ્યુ આપે છે. હાલમાં એકસ્ટ્રા આવકની બોલબાલા છે.

દુષણ પર કોઈ પણ અંકુશ મુકવામાં વોટ્સ અપ નિષ્ફળ...

ચાઈલ્ડ પોર્ન વિડિયો દુષણ અકબંધ

ત્રીજા તબક્કામાં મતદાનની ટકાવારી સારી છે પણ સામે કાયદો ને વ્યવસ્થા એટલી સારી રીતે નથી જળવાઈ એ પણ કબૂલવું પડે. ખાસ કરીને પશ્ચિમ બંગાળમાં અગાઉના બે તબક્કાની જેમ કકળાટ ચાલુ રહ્યો છે ને ઠેર ઠેર હિંસા થઈ છે. બંગાળમાં તો કોંગ્રેસના એક કાર્યકરની મતદાન મથકની બહાર ચાકુ મારીને હત્યા પણ કરી દેવાઈ. એ સિવાય હિંસાની બીજી ઘટનાઓમાં કેટલાંયનાં માથાં ને હાથ-પગ પણ તૂટ્યાં છે. સત્તાવાર રીતે જ દસેક લોકો ઘાયલ થયાં છે જ્યારે પોલીસ લગી વાત નહીં પહોંચી હોય એવા કિસ્સા તો કેટલાય હશે.

બંગાળની હિંસા કમનસીબ છે પણ બંગાળના રાજકારણની આ તાસીર છે. બંગાળમાં આ રીતે જ ચૂંટણી લડાય છે ને આ રીતે જ ગુંડાગીરી થાય છે. એક સમયે દેશમાં સૌથી ભદ્ર મનાતા બંગાળી સમાજમાં આ હિંસા ને ગુંડાગીરીનું લહુ ઘૂસી ગયું તેનું કારણ સામ્યવાદ છે. સામ્યવાદીઓનો પ્રભાવ વધ્યો તેના મૂળમાં નકસલવાદનો પ્રભાવ હતો. નકસલવાદ ખુલ્લી હિંસા છે ને એ લોકો તો સૈદ્ધાંતિક રીતે જ જે વસ્તુ સીધી રીતે ના મળે એ વસ્તુ છીનવીને લઈ લેવામાં માને છે. તેમને સરકાર સામે શસ્ત્રો ઉઠાવવામાં પણ છોછ નથી ને કાયદાની ઐસીતૈસી કરી નાંખવામાં પણ છોછ નથી. સામ્યવાદીઓએ નકસલવાદને પોષ્યો ને તેના જોરે સત્તા લગી પહોંચી ગયા. સામાન્ય રીતે સત્તા મળે પછી રાજકારણીઓ દેખાવ ખાતર પણ સુધરી જતા હોય છે પણ સામ્યવાદીઓ ના સુધર્યા તે ના જ સુધર્યા. તેમણે સત્તા જાળવવા માટે પણ એ જ રસ્તા અપનાવ્યા.

સામ્યવાદીઓએ બંગાળ પર પોતાનો કબજો રહે એ માટે યુનિયન પ્રવૃત્તિને પોષી ને સામ્યવાદીઓની યુનિયન પ્રવૃત્તિ કાયદેસરના નક્સલવાદ જેવી જ હતી. બીજે ઠેકાણે યુનિયનો કર્મચારીઓનાં હિતો સાચવવા આંદોલનો કરે છે ને ચળવળો પણ કરે છે પણ એ બધું શાંતિપૂર્ણ રીતે કરે છે. બીજાં બધાં યુનિયનો આંદોલનો કરે, હડતાળો પાડે ને એવી બધી પ્રવૃત્તિઓ કરે છે. એ બધું કાયદાની સીમામાં રહીને કરાય છે ને તેમાં કશું ખોટું નથી પણ સામ્યવાદીઓએ યુનિયનના નામે રીતસરની ગુંડાગીરી કરી. સામ્યવાદીઓએ શોધી શોધીને ભારાડી લોકોને યુનિયનોમાં બેસાડ્યા ને તેમના જોરે બંગાળ પર કબજો કર્યો. એ જ લોકોનો ઉપયોગ ચૂંટણીમાં કરાતો ને તેમના જોરે ચૂંટણીઓ જીતાતી. આ તો અત્યારે ઈવીએમ આવ્યાં, બાકી પહેલાં તો બેલેટ પેપરથી જ ચૂંટણી થતી. સામ્યવાદી નેતાઓ એ વખતે બંગાળમાં રીતસર મતદાન મથકો પર કબજો કરી લેતા ને લોકો મતદાન કરવા આવે કે ના આવે, તેમના નામે ઠપ્પા લગાવી દેતા. આ ખેલ દાયકાઓ લગી ચાલ્યો ને તેના જોરે તો બંગાળમાં સામ્યવાદીઓએ સળંગ ૩૫ વરસ લગી રાજ કર્યું.



સામ્યવાદીઓને મમતા બેનરજી એકદમ માથાનાં મળ્યાં. મમતા મૂળ કોંગ્રેસી હતાં પણ બંગાળમાં કોંગ્રેસીઓ સાવ પોચટ હતા ને એ જ પ્રકારનું રાજકારણ ચલાવતા. સામ્યવાદીઓ સામે બે પગ વચ્ચે પૂંછડી દબાવીને બેસી જતા. મમતા બેનરજીએ સામ્યવાદીઓની ગુંડાગીરી સામે ગુંડાગીરીનો જ રસ્તો અપનાવવાની વાત કર્યા કરી પણ કોંગ્રેસીઓમાં શૂરાતન ના આવ્યું તે ના જ આવ્યું. કંટાળેલાં મમતાએ કોંગ્રેસને રામ રામ કર્યા ને તૃણમૂલ કોંગ્રેસ નામે નવો તંબૂ તાણી દીધો. સામ્યવાદીઓ પાસે તો ખાઈ બદેલા રાજકારણીઓ ને તેમણે પોષેલા ધિંગા ગુંડા હતા તેથી મમતાને તેમની સામે ઝીંક ઝીલવામાં તકલીફો પડી.

સામ્યવાદીઓની ઈંટનો જવાબ પથ્થરથી આપે તેવી ટોળીઓ ઊભી કરવામાં પણ તેમને સમય લાગ્યો પણ છેવટે મમતા સામ્યવાદીઓ પર ભારે સાબિત થયાં ને હવે બંગાળમાં સામ્યવાદીઓના રસ્તે ચાલીને એ જ પ્રકારનું રાજકારણ ચલાવી રહ્યાં છે. ભાજપ મમતાના રસ્તે ચાલીને એ જ પ્રકારની જમાવટ કરવા મથે છે પણ મેળ પડતો નથી. બંગાળનાં બધાં છાપેલાં કાટલાં અત્યારે મમતાની પંગતમાં બેઠેલાં છે ને મમતા સત્તામાં છે ત્યાં લગી એ બધા તેમને વળગી રહેવાનાં છે. મમતાને બે દાયકા લગી બહુ બધું સહન કર્યા પછી સત્તા મળી છે એટલે એ સરળતાથી કશું જવા દે એ વાતમાં માલ નથી. આ બધું જોતાં બંગાળમાં હજુ બાકી રહેલા તબક્કાઓમાં પણ આ જ હાલત રહેવાની ને બીજા બે-ચાર ઢબી જવાના એ નક્કી છે. કેટલાંનાં માથાં ફૂટશે એ તો કહી શકાય એમ જ નથી તેથી બંગાળની હિંસા વિશે કંઈ પણ કહો તો પણ તેનો અર્થ નથી.

બંગાળને બાદ કરતાં બીજે ઠેકાણે મતદાન શાંતિપૂર્ણ રહ્યું છે ને સમ ખાવા પૂરતી પણ હિંસાની એક પણ ઘટના નથી બની. રાબેતા મુજબ ઈવીએમના કકળાટ કેટલાય ઠેકાણે થયા. તેના કારણે વિપક્ષોને ભાજપ પર પ્રહાર કરવાની તક પણ મળી છે પણ તેમાં કશું નવું નથી. એ દર ચૂંટણીનો સીન છે ને વિરોધ પક્ષવાળા દરેક વાર આ બધી વાતો કરતા હોય છે. ચૂંટણી પછી પરિણામ વિરુદ્ધમાં આવે તો એ પછી પણ થોડા દાડા કકળાટ કરે ને પરિણામ પોતાની તરફેણમાં આવે તો બધું ભૂલી જવાનું. એ પછી બધું માફ ને ઈવીએમ પણ એકદમ સારાં થઈ જાય. ટૂંકમાં ઈવીએમના કકળાટને કાને ધરવા જેવો નથી.

આ તબક્કામાં ગુજરાતમાં પણ મતદાન પૂરું થયું. ગુજરાતમાં એકંદરે ૬૦ ટકાની આસપાસ મતદાન થયું છે ને આ ટકાવારી સારી છે તેમાં શંકા નથી. ગુજરાતમાં પણ કાળઝાળ ગરમીનો માહોલ છે તેના કારણે લોકો મતદાન કરવા બહાર આવશે કે કેમ તેમાં શંકા હતી. એ છતાં આટલું મતદાન થયું છે એ ખરેખર સારી વાત છે. જો કે આ વખતે મતદાનની જે પેટર્ન જોવા મળી છે એ બધા રાજકીય પક્ષોના જીવ ઊંચા કરનારી છે. ગુજરાતમાં ભાજપે ૨૦૧૪માં તમામ ૨૬ લોકસભા બેઠકો જીતી હતી ને આ બેઠકો જાળવવી હોય તો ઊંચું મતદાન કરાવવું પડે એવું ભાજપના નેતાઓ પણ માનતા હતા. અત્યારે જે મતદાન થયું છે એ ઊંચું નથી પણ ખરાબ પણ નથી પણ મૂળ મુદ્દો મતદાનની પેટર્ન છે. ગુજરાતમાં શહેરી વિસ્તારો ભાજપના ગઢ છે તેથી ત્યાં કેટલું મતદાન થાય છે એ બહુ મહત્ત્વનું નથી હોતું. અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા એ શહેરી વિસ્તારોમાં પિસ્તાલીસ ટકા મતદાન થાય કે પંચાસી ટકા થાય પણ જીતવાનો તો ભાજપ જ છે. તેના કારણે આ બેઠકો પર મતદાનની ટકાવારી શું છે તે બહુ મહત્ત્વનું નહોતું પણ આદિવાસી પટ્ટા ને સૌરાષ્ટ્રમાં કેટલું મતદાન થાય છે તેના પર સૌની નજર હતી, કેમ કે ભાજપ ને કોંગ્રેસ બંને માટે આ બે વિસ્તાર મહત્ત્વના છે. ભાજપ આ વિસ્તારોમાં મેદાન મારે તો તેનો દબદબો જળવાય ને કોંગ્રેસ મેદાન મારે તો એ ફરી બેઠી થઈ જાય. આ વખતે ગુજરાતમાં આદિવાસી વિસ્તારની બેઠકો પર જંગી મતદાન થયું છે. તેમાં પણ બારડોલી ને વલસાડ એ બંને બેઠકો પર તો મતદાનની ટકાવારી સિત્તેર ટકાના આંકડાને પણ વટાવી ગઈ છે. સાબરકાંઠા, દાહોદ, છોટા ઉદેપુર વગેરે આદિવાસી મતદારોની બહુમતી ધરાવતા મતવિસ્તારોમાં પણ મતદાનની ટકાવારી બીજા વિસ્તારો કરતાં સારી જ છે. આ બધા મતવિસ્તારોમાં પણ પાંસઠ ટકાની આસપાસ તેની સામે સૌરાષ્ટ્રમાં મતદાન સાવ ટાઢુંબોળ રહ્યું ને કોઈ ઠેકાણે મતદાનની ટકાવારી સાઠ ટકાને પાર નથી ગઈ. આ ટ્રેન્ડના કારણે ભાજપ ને કોંગ્રેસ બંને ગૂંચવાઈ ગયાં છે. સામાન્ય રીતે એવી માન્યતા છે કે, ઓછું મતદાન ભાજપને નુકસાન કરે ને વધારે મતદાન તેને ફાયદો કરાવે. ગુજરાતમાં બે અલગ અલગ વિસ્તારોમાં આ બંને ટ્રેન્ડ જોવા મળ્યા છે ત્યારે કોને ફાયદો થાય છે ને કોણ નુકસાનમાં રહે છે તે જોઈએ.

લંકાની હોળીની ઝાળ ભારતને દઝાડે જ: જાગતે રહો



પ્રચંડ બૉમ્બ-વિસ્ફોટોથી મરણાંક વધવા સાથે શ્રીલંકાને આઘાતમાંથી બેઠું થતા ઘણી વાર લાગશે. ચર્ચ અને ફાઈવ સ્ટાર હોટેલ્સમાં થયેલા ધડાકા કોણે કરાવ્યા એના વિશે થતા તર્કવિતર્ક વચ્ચે શંકાની સોઈ લશ્કર- એ- તોયબા અને ઈસ્લામિક સ્ટેટ જેવાં સંગઠનોની સંડોવણી ભણી તકાઈ રહી છે. આને પાડોશી દેશમાં થયેલી દુર્ઘટના માનીને ભારત અવગણી નહિ શકે અને દિલ્હી એવું કરે જ નહિ. આપણા ભારત દેશ માટે આ સારા એંધાણ નથી.

રાજદ્વારી અને રાજકીય વર્તુળોના અભ્યાસ અને સમીક્ષા એક હકીકત નીચે ઘાટ્ટી લીટી દોરે છે કે ભારતને વધુ એક ખૂણેથી ઘેરવાનો આ કારસો ન હોય તો જ નવાઈ. પાકિસ્તાન, અફઘાનિસ્તાન, ચીન, ભુતાન, નેપાળ, મ્યાનમાર, બાંગલાદેશ, માલદીવ્સ અને શ્રીલંકા ભારતના પાડોશી છે. માલદીવ્સમાં તાજેતરમાં ભારત તરફી સરકાર ચૂંટાઈ આવી એટલે ચીનનો ગરાસ લૂંટાયો જ હોય. ભુતાનને પોતાની તરફ ખેંચવા ચીન પ્રયત્નશીલ છે. આ બધા વચ્ચે એકાદ દાયકાથી શાંત રહેલા શ્રીલંકાને પણ હવે નિશાન બનાવાયું છે. નવી દિલ્હીને અ-મિત્રો વચ્ચે તાણયુક્ત રાખવાનું આ સ્પષ્ટ ષડ્યંત્ર છે. આમાં આંતરરાષ્ટ્રીય દોરીસંચાર ક્યાંથી કોણ કરતું હોય એ સમજવું મુશ્કેલ છે.

ભારતમાં આતંકવાદી હુમલા માટે શ્રીલંકાનો ઉપયોગ કરવાનું આસાન થઈ શકે. લંકાના વિસ્ફોટો પાછળ સ્થાનિક મુસ્લિમ લડાયક સંગઠન એન. ટી. જે.નો હાથ હોવાનું ચિત્ર ઊપસી રહ્યું છે, પરંતુ આટલા બધા ધડાકા કરવાનું, થોકબંધ વિસ્ફોટો ભેગા કરવાનું અને સાતેક સ્યુસાઈડ બૉમ્બરને તૈયાર કરવાની ક્ષમતા કે નેટવર્ક લંકાના આઉટફીટ પાસે ન હોય. એને આંતરરાષ્ટ્રીય સ્તરેથી એટલે કે લશ્કર- એ- તોયબા કે ઈસ્લામિક સ્ટેટની મદદ મળ્યાનું નિશ્ચિંત મનાય છે. ભૂતકાળમાં આ એન.ટી.જે.ના છોકરડાઓને પાકિસ્તાની છાવણીમાં તાલીમ અપાયાનું જગજાહેર છે.

તમિળ ભાગલાવાદીઓ સાથેની ભયંકર લોહિયાળ લડતનો એકાદ દાયકા અગાઉ સફળતાપૂર્વક અંત લાવનારા આ ટાપુ દેશમાં તાજેતરના ધડાકા માટે ચર્ચ અને ઈસ્ટરની પસંદગીમાં ઘણાં સુચિતાર્થો છે. ન્યુઝીલેન્ડની મસ્જિદમાં થયેલા કત્લેઆમનો આ જવાબ હોવાનું મનાય છે.

પોતાના ગુપ્તચર તંત્ર થકી દિલ્હીએ સંભવિત હુમલાની કોલંબોને ચેતવણી આપવા છતાં આ માનવતાવિરોધી કૃત્ય થયું એ બતાવે છે કે લંકા પોતાની શાંતિમાં મસ્ત અને મશગૂલ હતું.

કમનસીબે બદલાતા રાજકીય માહોલ અને સમીકરણો વચ્ચે કોઈ દેશ કે વ્યક્તિને વધુ પડતાં સંતુષ્ટ થવાનું કે સલામતી વ્યવસ્થા પ્રત્યે આંખ મીંચામણા કરવાનું પરવડે એમ નથી. ન્યુઝીલેન્ડ જેવા કલ્પના બહારના દેશને ટાર્ગેટ બનાવાયો એવી જ પેટર્ન શ્રીલંકામાં દેખાઈ આવી.

જો લંકામાં વધુ હોળી થાય તો એની ઝાળ ભારતને કેવી રીતે લાગે એના ઉદાહરણ શોધવા દૂર જવું પડે એમ નથી. ભારતના શાંતિ રક્ષક દળના જવાનોની ખુવારી અને ભૂતપૂર્વ વડા પ્રધાન રાજીવ ગાંધીની હત્યા શ્રીલંકાની સમસ્યાની ભારતે ચુકવેલી ભારે આકરી કિંમત છે.

રાજકીય આર્થિક અને લશ્કરી ગણતરીથી ભારતે બધા નહિ તો વધુમાં વધુ પાડોશી દેશ સાથે સારા સંબંધ રાખવા જ પડશે. નાના કે નબળા મિત્ર રાષ્ટ્રને મદદ કરવાનું ફરજિયાત છે, નહિતર કોઈ બીજું પગપેસારો કરી જાય. આંતરરાષ્ટ્રીય રાજદ્વારી સોગઠાબાજીમાં દિલ્હીએ સતત સચેત અને સક્રિય રહેવું પડશે.

શ્રીલંકામાં મુસ્લિમ કે કોઈ પણ પ્રકારનો આતંકવાદ વકરે તો એના છાંટા ભારત પર ઉડ્યા વગર રહેવાના નથી. જે આતંકવાદી મરવા જ માગતા હોય એને કાયમ માટે રોકી શકાવાના નથી. એટલે યાદ રહે કે શ્રીલંકાની સંહારલીલા માટે જવાબદાર મનાતી એન.ટી.જે.ની આછીપાતળી હાજરી તમિળનાડુમાં ય હોવાના અહેવાલ હતા.

ભૂતકાળમાં લિબરેશન ઑફ તમિળ ટાઈગર્સ ઈલમ સાથે શસ્ત્રો અને તાલીમનો વાટકા વ્યવહાર કરનારા લશ્કર-એ-તોયબા પર વિશ્વવભરમાં દબાણ વધી રહ્યું છે. ત્યારે એ નવા વિસ્તારમાં ઘૂસણખોરી કરવાનું જ. ટાપુ દેશમાં પગપેસારો કરવાના એના પ્રયાસ દોઢ દાયકાથી ચાલુ હતા.

આ ધડાકા નવી દિલ્હી માટે નાનોસૂનો પડકાર નથી. જરૂરી બધી મદદ કરવા સાથે શ્રીલંકામાં શાંતિ જળવાય એ ભારતના હિતમાં છે. એશિયા ખંડમાં શાંતિ માટે ભારતે કિંમત ચૂકવવી પડે અને આમ કરવામાં સફળ થઈને ભારત મોટોભા ન થઈ જાય એ માટે હવાતિયા કયા દેશ મારશે એ સૌ જાણે છે.

શ્રીલંકામાં ઝડપથી શાંતિ સ્થપાય અને જળવાય એ લાંબે ગાળે ભારત માટે હિતાવહ છે. દિલ્હી પાસેય આ બધાનો પ્રતિવ્યૂહ હશે એમાં કોઈ બેમત નથી.

અભિષેક બચ્ચને પોસ્ટ કરી તેના પરિવારની જલપરીઓની તસવીર

મુંબઈ

બોલિવૂડના ફેવરિટ કપલમાંથી એક અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાયે ૧૨ વર્ષ પહેલાં લગ્ન કર્યા હતા. ૨૦૦૭માં અભિષેક અને ઐશ્વર્યાએ લગ્ન કર્યા હતા અને ૪ વર્ષ પછી તેમની દીકરી આરાધ્યાનો જન્મ થયો હતો. હાલમાં અભિષેક અને ઐશ્વર્યા લગ્નની ૧૨મી એનિવર્સરી સેલિબ્રેટ કરવા માટે માલદિવ્સ ગયા છે અને છેલ્લા કેટલાક સમયથી સોશિયલ મીડિયા પર તસવીરો શેયર કરી રહ્યા છે.



અભિ અને એશ દીકરી સાથે વેકેશન માણી રહ્યા છે ત્યારે હાલમાં અભિષેકે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર ઐશ્વર્યા અને આરાધ્યાની ખૂબસુરત તસવીર શેયર કરી છે. આ તસવીરમાં ઐશ્વર્યા અને આરાધ્યા રિસોર્ટના સ્વિમિંગ પુલમાં હળવાશભરી પળો માણતા ક્લિક થયા છે. આ તસવીર સાથે અભિષેકે કેપ્શન લખ્યું છે કે હેપ્પીનેસ...માય ગર્લ્સ.

હાલમાં સોશિયલ મીડિયા પર ઐશ્વર્યા રાય બચ્ચનની એક તસવીર વાઇરલ થઈ હતી. આ તસવીરમાં ઐશ્વર્યા અને અભિષેક જોવા મળી રહ્યા છે. ધ ગોવન એવરીડેમાં પબ્લિશ થયેલી આ તસવીર પ્રમાણે ઐશ્વર્યા પોતાના પતિ અભિષેક સાથે ગોવામાં હોલીડે માણી રહી છે. આ તસવીરમાં ઐશ્વર્યા જાણે પ્રેગનન્ટ હોય એવી લાગી રહી છે. આ તસવીર પોસ્ટ થયા પછી ઐશ્વર્યાના ચાહકોમાં એની પ્રેગનન્સીની ચર્ચા શરૂ થઈ ગઈ હતી. જોકે ઐશ્વર્યાના પ્રવક્તાએ ઐશ્વર્યાની પ્રેગ્નન્સીના ન્યૂઝ પર સ્પષ્ટતા કરી છે. તેણે કહ્યું છે કે ઐશ્વર્યાનો જે ફોટો ઈન્ટરનેટ પર વાઈરલ થઈ રહ્યો છે. તે ખોટા એંગલથી પાડવામાં આવ્યો છે. આ કારણે ઐશ્વર્યાનું પેટ ફૂલાયેલું જોવા મળે છે. પ્રવક્તાએ સ્પષ્ટતા કરી છે કે ઐશ્વર્યા પ્રેગ્નન્ટ નથી.

અભિષેક અને ઐશ્વર્યા વચ્ચે ૨૦૦૫માં ફિલ્મ બંટી અને બબલીના આઇટમ સોન્ગ 'કજરારે'ના શૂટિંગ વચ્ચે મિત્રતા થઈ હતી. ૨૦૦૭માં ફિલ્મ ગુરુના સેટ પર તેઓ નજીક આવ્યા અને ડેટિંગ શરૂ થઈ ગયું. ગુરુની સક્સેસ પાર્ટી દરમિયાન અભિષેકે લગ્ન માટે પ્રપોઝ કર્યું હતું. ઐશ્વર્યાએ અભિષેક સાથે ૨૦ એપ્રિલ, ૨૦૦૭માં એક વર્ષના ડેટિંગ પછી લગ્ન કર્યા હતા.

વિશ્વ કપ માટે પંત યોગ્ય ખેલાડી ઈનિંગની ટ્વીટર પર દિગ્ગજોએ પ્રશંસા કરી

નવીદિલ્હી

ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની સિઝન ૧૨ના ૪૦માં મેચમાં રાજસ્થાન અને દિલ્હી વચ્ચેના મેચમાં રિષભ પંતે શાનદાર બેટિંગ કરી હતી. પંતની આ શાનદાર જીતની મદદથી દિલ્હીએ પોતાની સીતમી જીત મેળવી હતી. આ જીત સાથે ટીમ પોઈન્ટ ટેબલમાં ચેન્નઈને પછાડીને પ્રથમ સ્થાને પહોંચી ગઈ છે. રિષભે પોતાના આ પ્રદર્શનથી તે સાબિત કરી દીધું કે તે દિલ્હી માટે આટલો ખાસ બેટ્સમેન કેમ છે. રાજસ્થાનની જીતની આશા પર પહેલા શિખર ધવન અને પછી પંતે પાણી ફેરવી દીધું હતું.



રિષભ પંતે પોતાની આ ઈનિંગથી ટીકાકારોને જવાબ આપ્યો છે. આ સાથે તેણે દેખાડ્યું કે તેને વિશ્વ કપની ટીમમાં કેમ પસંદ કરવાનો હતો અને ટીમે શું મિસ કરી દીધું છે. મહત્વનું છે કે, રિષભ પંતની ઈનિંગને ટ્વીટર પર ખુબ પ્રશંસા મળી છે. ઘણા પૂર્વ ક્રિકેટરોએ પંતની આ ઈનિંગના વખાણ કર્યા છે. પૂર્વ ભારતીય ક્રિકેટર કૃષ્ણામચારી શ્રીકાંતે રિષભ પંત માટે લખ્યું કે, તું જન્મથી જ એક મેચ વિનિંગ પર્સન છે અને વિશ્વ કપની ટીમમાં સ્થાન મેળવવા લાયક છે. તેણે પોતાના ટ્વીટર એકાઉન્ટ પર લખ્યું, મમેચ વિનર પર્સન દરેક એક મેચમાં વિનિંગ ઈનિંગ ન રમી શકે, પરંતુ જ્યારે પણ આવું પ્રદર્શન કરે છે તો લોકોનો શ્વાસ રોકાઈ જાય છે.

ઈંગ્લેન્ડના પૂર્વ ખેલાડી માઈકલ વોને પંતની આ ઈનિંગ વિશે લખ્યું કે તેનું ભારતીય વિશ્વકપની ટીમમાં ન હોવું મોટું આશ્ચર્યજનક છે. તો ભારતીય સ્પિનર હરભજન સિંહે લખ્યું કે, વેલડન રિષભ પંત તે દિલ્હી માટે શાનદાર કૌશલ્ય દેખાડ્યું. કોમેન્ટ્રેટર અને ક્રિકેટ વિશ્લેષક હર્ષા ભોગલેએ રિષભની પ્રશંસા કરતા લખ્યું કે રિષભને આ ઈનિંગથી ગર્વનો અનુભવ થશે અને આશા કરીએ કે આગળ પણ આ પ્રકારની ઈનિંગ જોવા મળશે.

'છપાક'ની શૂટિંગ દરમિયાન દીપિકાએ લક્ષ્મી સાથે કર્યું લંચ



નવી દિલ્હી

આ દિવસોમાં દીપિકા પાદુકોણ 'છપાક'ની શૂટિંગમાં વ્યસ્ત છે. અભિનેત્રીએ પોતાના વ્યસ્ત શેડ્યૂલમાંથી સમય કાઢીને દિલ્હીમાં 'છપાક'ના સેટ પર લક્ષ્મી અગ્રવાલની સાથે લંચનો આનંદ લીધો હતો. લક્ષ્મી એસિડ એટેકની પીડિતા છે અને 'છપાક' તેના જીવન પર આધારિત ફિલ્મ છે. દીપિકા પાદુકોણે ૨૫ માર્ચ ૨૦૧૯ના દિલ્હીમાં 'છપાક'ના શૂટિંગનો પ્રારંભ કર્યો હતો અને હાલમાં 'છપાક'ની ટીમે દિલ્હીમાં પોતાનું પ્રથમ શેડ્યૂલ પૂરુ કર્યું છે.

દીપિકા આ દિવસોમાં માલતીની ભૂમિકામાં ઢળવામાં કોઈ કસર છોડી રહી નથી. એક એસિડ હુમલાની પીડિતની ભૂમિકા નિભાવી રહેલી અભિનેત્રીએ 'છપાક'ની સાથે એક ભાવનાત્મક સફર શરૂ કરી છે. એક એસિડ એટેક પીડિતની ભૂમિકામાં ઢળતા દીપિકા પાદુકોણ ફિલ્મમાં માલતીની ભૂમિકામાં નજર આવશે.

'છપાક'માં એક એસિડ હુમલાની પીડિતાના જીવનને રજૂ કરવામાં આવશે અને તે લોકો માટે તે એક પ્રેરણા છે જેણે આ પ્રકારની સ્થિતિનો સામનો કર્યો છે. મેઘના ગુલઝાર દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મ ૧૦ જાન્યુઆરી ૨૦૨૦ના રિલીઝ થશે.

દિલ્હીના ખેલાડીઓ ચોગ્ગા ફટકારવામાં માસ્ટર છે



નવીદિલ્હી

આઈપીએલમાં દિલ્હીના ખેલાડીઓ ચોગ્ગા ફટકારવામાં માસ્ટર છે દિલ્હીવાળા શિખર સૌથી આગળ મુંબઈ ઈન્ડિયન્સના હાર્દિક પંડ્યાએ ગત શનિવારે જ્યારે રાજસ્થાન રોયલ્સ સામે જોફા આર્ચરના બોલ પર ચોગ્ગો ફટકાર્યો ત્યારે તેનું નામ એક માઈલસ્ટોન રેકોર્ડ સાથે જોડાઈ ગયું. અસલમાં એ આઈપીએલ ૨૦૧૯નો ૧૦૦૦મો ચોગ્ગો હતો. સિઝનની ૩૬ મેચની ૭૧મી ઈનિંગ્સમાં હજાર ચોગ્ગાનો આંકડો પાર થઈ ગયો. ગત સિઝનની સરખામણીએ આ વખતનીઆઈપીએલમાં આ આંકડો ઝડપથી પાર થઈ ગયો. ગત સિઝનમાં ૧૦૦૦ ચોગ્ગા ૩૭ મેચની ૭૪મી ઈનિંગ્સમાં પૂરા થયા હતા.'' અત્યાર સુધી કુલ ૮૬ બેટ્સમેનો આ સિઝનમાં ચોગ્ગા ફટકારી ચૂક્યા છે, પરંતુ ચોગ્ગા ફટકારવાની બાબતમાં દિલ્હી કેપિટલ્સે મેદાન માર્યું છે. આનો પુરાવો છે ૧૭૮ ચોગ્ગા, જે દિલ્હી કેપિટલ્સે અત્યાર સુધી રમેલી ૧૧ મેચમાં ફટકાર્યા છે. એક ટીમ તરફથી સૌથી વધુ ચોગ્ગા ફટકારવાના લિસ્ટમાં દિલ્હી કેપિટલ્સ બધાથી આગળ છે. ત્યાર બાદ મુંબઈ ઈન્ડિયન્સનો નંબર આવે છે, જેણે અત્યાર સુધીમાં રમેલી ૧૦ મેચમાં ૧૫૦ ચોગ્ગા ફટકાર્યા છે. મુંબઈ તરફથી આ ૧૫૦ ચોગ્ગામાં સૌથી વધુ યોગદાન દક્ષિણ આફ્રિકાના ક્વિન્ટન ડિકોકનું રહ્યું છે, જેણે અત્યાર સુધીમાં ૩૫ ચોગ્ગા ફટકાર્યા છે.

દિલ્હી કેપિટલ્સનો ઓપનર શિખર ચોગ્ગા ફટકારનારા બેટ્સમેનોની યાદીમાં પ્રથમ સ્થાને છે, જેણે ગઈ કાલની રાજસ્થાન રોયલ્સ સામેની મેચ સહિત ૫૦ ચોગ્ગા ફટકાર્યા છે. ત્યાર બાદ સનરાઈઝર્સ હૈદરાબાદના બંને ઓપનર્સનો નંબર આવે છે. બીજા સ્થાને જોની બેરિસ્ટો છે, જેણે ૪૮ ચોગ્ગા ફટકાર્યા છે. ત્રીજા સ્થાને ડેવિડ વોર્નર છે, જેણે ૪૭ ચોગ્ગા ફટકાર્યા છે.

આઈપીએલમાં સૌથી વધારે ચોગ્ગા

૫૦૨- શિખર ધવન
૪૯૨- ગૌતમ ગંભીર
૪૭૩- સુરેશ રૈના
૪૭૧- વિરાટ કોહલી

ભાજપમાં સામેલ થતાં સોશિયલ મીડિયા પર સની દેઓલ છવાયો



નવીદિલ્હી

બોલીવુડ અભિનેતા સની દેઓલ ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ ગયા છે. રિપોર્ટ પ્રમાણે સની દેઓલ પંજાબના ગુરૂદાસપુરથી ભાજપની ટિકિટ પર ચૂંટણી લડી શકે છે. આ વચ્ચે સની દેઓલના ફેન્સે તેના મીમ્સ બનાવીને વાયરલ કરવાનું શરૂ કરી દીધું છે. સની દેઓલ ટ્વીટર પર ટ્રેન્ડ ચાલી રહ્યો છે.

ટ્વીટર પર સની દેઓલના ઘણી મીમ્સ વાયરલ થઈ રહ્યાં છે જેમાં તેમની ફિલ્મ દામિની, ગદર અને બોર્ડના એપિક સીન્સને લઈ તેના ડાયલોગ શેર કરવામાં આવી રહ્યાં છે. સની દેઓલની હિટ ફિલ્મ દામિનીના આ સીનને શેર કરતા એક ફેનને લખ્યું કે અયોધ્યા કેસની આગામી સુનાવણીમાં સની દેઓલ સાચું કહેશે. તો એક યૂઝરે ગદરનો સીન શેર કરતા લખ્યું કે, હવે સની દેઓલ પોતાના અંદાજમાં સર્જિકલ સ્ટ્રાઈક

ભાજપમાં જોડાયા બાદ સની દેઓલે કહ્યું કે, જે રીતે પાર્ટીમાં તેમનું સ્વાગત થયું તે તેઓ શબ્દોમાં વ્યક્ત ન કરી શકે. સની દેઓલે આગળ કહ્યું કે, જેમ પપાએ અટલજીનો સાથ આપ્યો હતો તેમ હું પણ મોદીજીનો સાથ આપીશ. હું ઈચ્છું છું કે આવનારા પાંચ વર્ષમાં મોદી સરકાર બને.

મહત્વનું છે કે ભાજપના મોટા નેતાઓની આગેવાનીમાં સની દેઓલે રક્ષાપ્રધાન નિર્મલા સીતારમન સભ્ય પદ સાથે જોડાયેલી ચિઠ્ઠી આપતા પાર્ટીમાં સ્વાગત કર્યું હતું. ઉલ્લેખનીય છે કે કે સની દેઓલ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહને પુણે એરપોર્ટ પર ૧૯ એપ્રિલે મળ્યા હતા. પંજાબમાં ભાજપ, શિરોમણિ અકાલી દળની સાથે ગઠબંધન કરીને રાજયની ત્રણ સીટ અમૃતસર, ગુરૂદાસપુર અને હોશિયારપુર પર ચૂંટણી લડી રહી છે.

કેબીસી ૧૧ : કરોડપતી શો શરૂ થતા પહેલાં રિલીઝ થયો તેનો બીજો પ્રોમો



મુંબઈ

અમિતાભ બચ્ચનનો મોસ્ટ અવેઈટેડ શો 'કૌન બનેગા કરોડપતિ' ટૂંક સમયમાં શરૂ થવા જઈ રહ્યો છે. આ શોની રિલીઝ પહેલાં તેનાં રજિસ્ટ્રેશન માટેનાં સવાલો ૧ મેથી રાત્રે નવ વાગ્યે શરૂ થશે. આ સવાલ ખુદ અમિતાભ બચ્ચન પુછતા નજર આવશે. આ રજિસ્ટ્રેશન માટેનાં સવાલનો સાચો જવાબ આપનારને તક મળશે કેબીસી-૧૧નાં મંચ સુધી પહોચવાની.

આપને જણાવી દઈએ કે, આ પહેલાં પણ કૌન બનેગા કરોડપતિનો આ પહેલાં પણ એક પ્રોમો વીડિયો રિલીઝ થયો હતો અને હવે આ નવો વીડિયો રિલીઝ થયો છે. વીડિયોમાં પણ ગત વીડિયોની જેમજ બિગ બી જનતાને ફરી એક વખત તૈયાર થઈ જવા અને કૌન બનેગા કરોડપતિમાં ભાગ લેવા માટે રજિસ્ટ્રેશનાં દિવસે તૈયાર રહેવા કહે છે.

આ પહેલાં રિલીઝ થયેલો વીડિયો પણ ઘણો જ મજેદાર છે. આ વીડિયોમાં પણ અંતમાં બિગ બી ખુદ આવીને કેબીસી- ૧૧નું પ્રમોશન કરતાં નજર આવે છે.

દેશવાસીઓ ઈચ્છે છે

મોદી કે રાહુલ નહી, 'માહી'ને બનાવો વડાપ્રધાન

નવીદિલ્હી



દેશમાં લોકસભાની ચૂંટણીની સાથેઆઈપીએલની પણ ખૂબ ચર્ચા છે. બંને જ મામલામાં લોકો પોતાની પસંદગીની ટીમ કે પાર્ટી જીતે તેવી ઈચ્છા રાખે છે. પાછલા થોડા સમયથી મહેન્દ્ર સિંહ ધોની ક્રિકેટની દુનિયામાં 'નવા ભગવાન' તરીકે સામે આવ્યો છે. તેવામાં હવે માહીના ફેન્સ ઈચ્છે છે કે, દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કે રાહુલ ગાંધી નહી, પરંતુ ધોનીને બનાવવો જોઈએ.

આ માટે ટ્વીટર પર #DhoniFroPM હેશટેગ દ્વારા લોકો પોતાની વાત જણાવી રહ્યા છે. હાલમાં ધોની સીએસકેનો કેપ્ટન છે. તાજેતરમાં જ ધોનીની ટીમ 'ચેન્નઈ સુપર કિંગ્સ'નો મુકાબલો 'રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર' સાથે હતો. જોકે મેચ ચેન્નાઈ ૧ રનથી હારી ગયુ. પરંતુ આ મેચમાં ધોનીની ઈનિંગથી લોકો એકદમ ચોંકી ગયા હતા. માહીએ ૪૮ બૉલમાં ૫ બાઉન્ડ્રી અને ૭ સિક્સર્સ ફટકારીને ૮૪ રન કર્યા, આ પછી ધોનીના ફેન્સ પીએમ બનવવાની અનોખી વાત ટ્વિટર પર કરી રહ્યા છે.

ડ્રીમ ગર્લ: ૭ વર્ષ બાદ ફરી જોવા મળશે આયુષ્માન-અનુ કપૂરની જોડી

મુંબઈ

વર્ષ ૨૦૧૨માં ખૂબ જ યુનિક મુદ્દા પર ફિલ્મ 'વિક્કી ડોનર' બની હતી. આ ફિલ્મમાં આયુષ્માન ખુરાના સાથે અનુ કપૂરની જોડી જોવા મળી હતી. આ ફિલ્મ દર્શકોને પસંદ પડી હતી અને બોક્સ ઓફિસ પર પણ સારી કમાણી કરી હતી. વિક્કી અરોરાના રોલમાં આયુષ્માન ખુરાના હતો અને અનુ મલિક ડોક્ટર બલદેવ ચઢ્ઢાના રોલમાં જોવા મળ્યા હતા. આ ફિલ્મની રીલિઝના સાત વર્ષ બાદ બન્ને કલાકારોની જોડી ફિલ્મ 'ડ્રીમ ગર્લ'માં ફરી જોવા મળશે. આયુષ્માન ખુરાનાએ આ અંગે સોશિયલ મીડિયામાં જાણકારી આપી છે.

આયુષ્માને ટ્વિટર પર અનુ સાથેની તસવીર શેર કરતાં લખ્યું, આજના દિવસે જ અમે વિક્કી ડોનરનું શૂટિંગ પૂરું કર્યું હતું અને સાત વર્ષ બાદ અમે ડ્રીમ ગર્લ મૂવીનું શૂટિંગ કરી રહ્યાં છીએ. આમાં અનુ કપૂર સર મારા પિતાનો રોલ પ્લે કરી રહ્યાં છે. ઉલ્લેખનીય છે કે, વિક્કી ડોનરનું નિર્દેશન સુજીત સરકારે કર્યું હતું. ફિલ્મની કહાણી સ્પર્મ ડોનેશન અને ઈનફર્ટિલિટી સાથે જોડાયેલી હતી. મૂવીમાં આયુષ્માન સાથે યામી ગૌતમ જોવા મળી હતી. મૂવીને ઘણા એવોર્ડ્સ મળ્યા હતા અને તેલુગુમાં તેની રિમેક પણ બની હતી.

'ડ્રીમ ગર્લ'ની વાત કરીએ તો આનું નિર્દેશન રાજ શાંડિલ્ય કરી રહ્યાં છે. આયુષ્માન ખુરાના સાથે ફિલ્મમાં નુસરત બરૂચા નજરે પડશે. આ જોડી પહેલીવાર જોવા મળશે. ફિલ્મની રીલિઝ ડેટ ૧૩ સપ્ટેમ્બર, ૨૦૧૯ છે.



સૈયદપુરા મનહર બાવાના ટેકરા પાસે આવેલા શ્રી મહાકાળી માતાના મંદિરના સાલગીરી ઉત્સવ પ્રસંગે સવારથી રાત્રિ સુધી વિવિધ કાર્યક્રમો આયોજિત કરવામાં આવ્યા છે. સવારે શ્રી મહાકાળી માતાને છપ્પન ભોગ ધરવામાં આવ્યો હોવાનું તસવીરમાં જણાય છે.

સૈયદપુરા મહાકાળી માતાજી મંદિર સાલગીરી નિમિત્તે રાત્રે પાટોત્સવ

રાત્રે ૯ કલાકે ભજન-કીર્તન તથા ગરબા પણ યોજાશે

સુરત

સૈયદપુરા મનોહર બાવાના ટેકરા પાસે આવેલ શ્રી મહાકાળી માતાજીના મંદિરની સાલગીરી નિમિત્તે આજે પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

સમસ્ત શ્રી મહાકાળી મંદિર પરિવાર તથા ભક્તજનો દ્વારા દર વર્ષે મંદિરની સાલગીરી ઉજવાય છે. આજે વિક્રમ સવંત ચૈત્ર વદ ૫ તા.૨૪-૫-૨૦૧૯ના શુભ દિને પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

મંદિર ખાતે સવારે ૬ થી બપોરે ૧૨ સુધી પુષ્પ વાટીકા દર્શન, સવારે ૧૦ થી રાત્રે ૧૦ સુધી અન્નકૂટ દર્શન, સવારે ૧૦.૧૫ કલાકે નવચંડી યજ્ઞ સમય બપોરે ૧ કલાકે સત્યનારાયણ ભગવાનની કથા, સાંજે ૪ કલાકે નવચંડી યજ્ઞ પૂર્ણાહુતિ તથા મહાઆરતી સાંજે ૭.૧૫ કલાકે સંધ્યા આરતી અને રાત્રે ૯ કલાકે ભજન ગરબા કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે. આ શુભ પ્રસંગે દરેક ભાવિક ભક્તોને સહપરિવાર મિત્ર મંડળ સહિત મહાકાળી મંદિર ખાતે પધારી દર્શનનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ મંદિર પરિવાર દ્વારા અપાયું છે.

મહિલા ગેંગનો આતંક, ચાદરની આડમાં દુકાનોમાં હાથફેરો કરતી સીસીટીવીમાં કેદ

સુરત



સુરત શહેરમાં ગુનાખોરીનું પ્રમાણ વધી રહ્યું છે. ચાદર ગેંગ તરીકે ઓળખાતી મહિલા ગેંગ ચાદરની આડમાં દુકાનોમાં પ્રવેસીને હાથફેરો કરતી હોય છે. સુરતના વરાછામાં એ.કે. રોડ ઉપર આવેલી મેડીકલનું ચાદરની આડમાં શટર તોડીને દુકાનમાં પ્રવેશ કરીને મેડિકલમાં ચોરી હતી. હતી. મેડિકલમાંથી રૂ. ૧૦ હજારની ચોરી કરીને મહિલાઓ ફરાર થઈ ગઈ હતી. આ અંગે વરાછા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથધી છે. સુત્રોના જણાવ્યા પ્રમામે આ મહિલા ગેંગ દ્વારા એક સાથે છ સાત મહિલાઓ શટર પાસે બેશીને ચાદર ઓઢીને શટર તોડે છે.

સીસીટીવી ફૂટેજમાં દેખાય છે તે પ્રમાણે મેડિકલના શટર પાસે આશરે છ સાત મહિલાઓ આવીને બેસી જાય છે. ત્યારબાદ બધી મહિલાઓ લાઈનમાં ગોઠવાઈ જાય છે. થોડીવાર રાહ જોઈને ત્રણ મહિલાઓ બહારની બાજુમાં ચાદર ઓઢે છે અને ત્રણ ચાર મહિલાઓ અંદરની બાજુમાં શટર ઉંચું કરે છે. એક નાની ઉંમરની મહિલા શટર વચ્ચે થયેલી ઓછી જગ્યામાંથી દુકાનમાં પ્રવેશ કરે છે. અને ટોર્ચની મદદથી મહિલા મેડિકલમાં હાથફેરો કરે છે. પોતાનું કામ પૂર્ણ થતાં મહિલા બહાર આવી જાય છે અને બધી મહિલાઓ ત્યાંથી ફરાર થઈ જાય છે. આ મેડિકલની બહાર લગાવેલા સીસીટીવી ફૂટેજમાં મહિલા ગેંગની કરતૂત કેદ થઈ ગઈ હતી. આ અંગે મેડિકલ માલિકે પોલીસમાં ફિયાદ કરતા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે મહિલા ગેંગની ઓળખ કરીને ગેંગને પકડવાની તજવીજ હાથધરી છે.

ગતિથી પણ આગળ વધવા વનપ્લસ ૨૦૧૯ ઈવેન્ટ રજૂઆત

વનપ્લસની સાથે ઝડપી અને સરળ ક્રાંતિમાં જોડાવા અપીલ

સુરત

એક સફળ વર્ષ બાદ, અમે હવે અમારું તદ્દન નવું ડિવાઈસ ૨૦૧૯માં રજૂ કરી રહ્યા છે, અત્યાર સુધીની સૌથી મોટી એક રજૂઆતની ઈવેન્ટમાં સમગ્ર વિશ્વને અમારી સાથે બેંગ્લોર ઈન્ટરનેશનલ એક્ઝિબિશન સેન્ટર, બેંગ્લોર ખાતે, મંગળવાર, ૧૪મી મે, ૨૦૧૯ના સાંજે ૮.૧૫ના રોજ અમારી સાથે જોડાવવા માટે આવકારીએ છીએ. અમે રજૂ કરી રહ્યા છીએ ભવિષ્યનું એક ડિવાઈસ, જેમાં ઉત્કૃષ્ટ કારીગરી અને પ્રગતિશીલ ટેકનોલોજીનો સમાવેશ થાય છે.

રજૂઆતની ઈવેન્ટ માટેના પ્રવેશ વાઉચર વનપ્લસ ડોટ ઈન (oneplus.in) પર ૨૫મી એપ્રિલ, ૨૦૧૯થી સવારે ૧૦ વાગ્યાથી પ્રાપ્ય. આ ઈવેન્ટમાં હાજર રહેલા લોકો અમારા નવા પ્રગતિશીલ ડિવાઈસની ખાસ રજૂઆતના સાક્ષી બનશે. વનપ્લસના સ્ટાફ તથા અન્ય કમ્યુનિટીના સભ્યોની સાથે મુલાકાત માટે તમારું બૂકિંગ આજે જ કરાવો અને અનુભવ તથા ડેમો વિશેની ચર્ચામાં ભાગ લો. આ સિમાચિન્હરૂપ ઈવેન્ટમાં વનપ્લસ કમ્યુનિટી પણ જોડાશે, જેમને વનપ્લસને ઉભું થવામાં તથા તેને આગળ વધવામાં સતત મદદ કરી છે. સાથેમળીને આપણે નવા વનપ્લસ ડિવાઈસને સૌથી મોટી ઈવેન્ટ દ્વારા કંપનીના ઈતિહાસની સૌથી મોટી રજૂઆત તરીકે એક વૈશ્વિક ઈવેન્ટ દ્વારા રજૂ કરીશું અને જેમાં સમગ્ર વિશ્વમાંથી લગભગ ૮૦૦૦થી વધુ લોકો હાજરી આપે તેવો અંદાજ છે. આ ઉપરાંત કંપનીના ઈતિહાસમાં આ પ્રથમ વખત છે કે, ભારત, યુએસએ અને યુરોપના મુખ્ય ક્ષેત્ર એક સાથે આ પ્રોડક્ટની રજૂઆતના સાક્ષી બનશે.

ટીવીનું રિમોટ ફાટતા બાળક ગંભીર રીતે ઈજાગ્રસ્ત

ડાંગ

સામાન્ય રીતે માતા પિતા પોતાના નાના બાળકોને ક્યારેક રમવા માટે મોબાઈલ ફોન, ઈલેક્ટરિક રમકડા કે પછી ટીવીના રીમોર્ટ રમવા આપતા હોય છે. પરંતુ આવા માતા પિતા એ જાણતા નથી કે પોતાનું બાળક જે ઈલેક્ટ્રીક વસ્તુ કે રમકડાથી રમી રહ્યા છે તેનાથી તેમના બાળકને જીવનું જોખમ છે. માતા પિતાની આંખ ઉઘાડતી એક ઘટના ડાંગમાં બની છે. જ્યાં નવ વર્ષનો બાળક ટીવીનું રિમોર્ટ રમતો હતો. તે સમયે રિમોર્ટમાં બ્લાસ્ટ થયો હતો. જેનાથી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયું હતું. જેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

મળતી માહિતી પ્રમાણે ડાંગના ધોળવહળ ગામમાં નવ વર્ષનો સુરજ ભાગવત પોતના ઘરમાં ટીવીનું રિમોર્ટ રમી રહ્યો હતો. આ સમયે અચાનક જ ટીવીના રિમોર્ટમાં બ્લાસ્ટ થતાં સુરજના હાથ અને છાતીના ભાગમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી.

આ અંગે પરિવારને જાણ થતાં ૧૦૮ની મદદથી સામગહાન આરોગ્ય કેન્દ્રમાં સારવાર માટે ખસેડ્યો હતો. જ્યાં તેની પ્રાથમિક સારવાર થઈ હતી. આમ પોતાના બાળકોને ઈલેક્ટ્રીક વસ્તુઓ રમવા આપતા માતા પિતા માટે આ આંખ ઉઘાડતો કિસ્સો ગણી શકાય.

નવસારીમાં દિવ્યાંગ તથા શતાયુ મતદારોમાં અભૂતપૂર્વ ઉત્સાહ

નવસારી

નવસારી જિલ્લામાં ૭૬ જેટલા શતાયુ મતદારો નોંધાયા છે. તેણે પણ લોકશાહી પર્વમાં જોડાવા ઉત્સાહિત બન્યા છે. ૧૦૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા મતદારો મતદાન કરવા ઉત્સાહપૂર્વક મતદાન કર્યુ હતું.

વિજલપોર ખાતે વાલીબેનની ચાલ ખાતે રહેતા ૧૦૪ વર્ષીય સોમીબેન લલ્લુભાઈ પટેલે અખિલ ભારતીય મહિલા પરિષદ પ્રાથમિક શાળા ખાતે મતદાન કરતાં જણાવ્યું હતું કે, મત આપવો આપણી ફરજ છે. છેલ્લા ઘણા વર્ષોથી અચૂક મતદાન કરું છુ. મારો પુત્ર રાજન મને મતદાના કરાવવા દરેક ચૂંટણીમાં લઇ જાય છે. નવસારી જિલ્લામાં ૫૬૬૨ દિવ્યાંગ મતદારો મતદાન કરવા ઉત્સાહ દાખવ્યો હતો. દિવ્યાંગ મતદારો માટે વાહનની/વ્હીલચેરની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આપઘાત માટે વહુને દુષ્પ્રેરણા આપતા સાસરિયા સામે ફોજદારી

૧૧ મહિના પહેલાં જ લગ્ન કરી વહુ સાસરે આવી હતી

સુરત

કાપોદ્રા વિસ્તારમાં એક પરિણીતાને આત્મહત્યા કરવા માટે મજબૂર કરનારા સાસરિયા સામે આઈપીસી-૩૦૬ મુજબનો ગુનો દાખલ કરવામાં આવતા ચકચાર મચી જવા પામી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કાપોદ્રા કૃષ્ણ નગર ગીરનાર સોસાયટી પાસે વિજય નરસિંહ ચૌહાણ, અજય નરસિંહ ચૌહાણ તથા ગીતાબેન નરસિંહ ચૌહાણ વિગેરેઓ એ પરિણીતાને નાની-નાની બાતોમાં મહેણા-ટોણા મારી શારીરિક માનસિક ત્રાસ આપતા હતા. જેનાથી કંટાળી જઈ પરિણીતાએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. પરિણીતાના પિતાએ કાપોદ્રા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી-૩૦૬, ૧૧૪ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ફરિયાદી પિતાની પુત્રીના ૧૧ માસ પહેલા લગ્ન થયા હતા.

ખટોદરા અને રાંદેરમાં ફોનની લૂંટ

સુરત

ખટોદરા તથા રાંદેર વિસ્તારમાંથી એક મહિલા તથા એક પુરુષના મોબાઈલ ફોન તથા રોકડાની ચીલઝડપ કરી મોટર સાઈકલ પર આવેલા અજાણ્યા ઈસમો ફરાર થઈ ગયા હોવાનો બનાવ પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ રાજસ્થાન ઝાલોદ જિલ્લાના વતની અને હાલમાં ભટાર એલબી સિનેમા વૈશાલી એપાર્ટમેન્ટમાં પિંકીબેન બોહરામી રહે છે. ગતરોજ તેઓ ખટોદરા-ભટાર મધુલિકા બિલ્ડિંગ પાસેથી પસાર થતા હતા ત્યારે મોટર સાઈકલ પર આવેલા ત્રણ અજાણ્યા ઈસમોએ પર્સ ખેંચીને ફરાર થઈ ગયા હતા. જોકે, આ પર્સમાં ૧૫ હજાર રૂપિયાનો મોબાઈલ ફોન તથા રોકડા રૂા. ૯,૪૫૦/- હતા. જ્યારે બીજો ચેક બનાવ રાંદેર પોલીસ મથકમાં નોંધાયો હતો. ઉગત કેનાલ રોડ હિદાયત ચોકી પાસે યોગેશ શુકલા પોતાની મોટર સાઈકલ પર જતા હતા ત્યારે મોટર સાઈકલ પર આવેલા બે અજાણ્યા ઈસમોએ તેમની નજીક મોટર સાઈકલ લાવી ૭ હજાર રૂપિયાનો મોબાઈલ ફોનની ચીલઝડપ કરી ફરાર થઈ ગયા હતા. ફરિયાદી યોગેશ શુકલા મૂળ ઉત્તર પ્રદેશનો વતની છે.



લોકસભા ચૂંટણી-૨૦૧૯માં ગઈકાલે સુરત લોકસભા બેઠ પર શાંતિ પૂર્ણ રીતે મતદાન પ્રક્રિયા પૂર્ણ થઈ ગયા બાદ ગઈકાલે મોડી સાંજે ઈચ્છાનાથ સ્થિત એસવીએનઆઈટી કેમ્પસમાં બનાવાયેલા સ્ટ્રોંગ રૂમમાં ઈવીએમ મશીનો સીલ કરી દેવાયા છે. સ્ટ્રોંગ રૂમમાં સીસીટીવી કેમેરા ઉપરાંત સશસ્ત્ર દળના જવાનોનો ૨૪ કલાક ચોકી પહેરો તૈનાત કરી દેવામાં આવ્યો છે.

પીએમ મોદીનો સૂટ ખરીદનાર ધર્મનંદન ડાયમંડ સાથે છેતરપીંડી

સુરત



ધર્મ નંદન ડાયમંડ સાથે રૂ. એક કરોડની ઠગાઈ થઈ હોવાનો બનાવ સામે આવ્યો છે. ફરિયાદ પ્રમાણે હિંમત અને કોશિયા નામના બે ઈસમોએ ધર્મ નંદન ડાયમંડ પાસેથી રૂ. ૧ કરોડના ૧૫૦૦ કેરેટ હીરા ખરીદ્યા હતા. બાદમાં તેનું પેમેન્ટ અને માલ આપવામાં આવ્યો ન હતો. આ મામલે કોશિયા બંધુઓ સામે કતારગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે ૨૦૧૫ના વર્ષમાં મોદીએ અમેરિકાના રાષ્ટ્રપતિ બરાક ઓબામા સાથેની મુલાકાત દરમિયાન પહેરેલા સૂટની હરાજી કરવામાં આવી હતી. સુરતના ધર્મ નંદન ડાયમંડ ગ્રુપના લાલજીભાઈ પટેલે રૂ. ૪.૩૧ કરોડની બોલી લગાવીને આ સૂટની ખરીદી કરી હતી. મોદીના આ સૂટને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પણ સ્થાન મળ્યું છે. હરાજીમાં સૌથી વધારે ઊંચી બોલવાની કેટેગરીમાં આ સૂટને સ્થાન મળ્યું છે.

ઉલ્લેખનીય છે કે મોદીના સૂટની હરાજી સમયે પ્રારંભિક કિંમત રૂ. ૧૧ લાખ રાખવામાં આવી હતી. આ સૂટને ખરીદવા માટે ૪૭ જેટલા લોકોએ બોલી લગાવી હતી. જેમાંથી લાલજીભાઈ પટેલે સૌથી વધુ રૂ. ૪.૩૧ કરોડની બોલી લગાવી હતી. આ સૂટની હરાજીમાંથી આવેલા નાણા ગંગા સફાઈ માટે વાપરવામાં આવ્યા હતા. આ સૂટની ખાસિયત એવી હતી કે તેના મોનોગ્રામમાં નરેન્દ્ર દામોદર દાસ મોદી લખ્યું છે. મોદીએ જાન્યુઆરી ૨૦૧૫માં ઓબામા સાથે મુલાકાત દરમિયાન આ સૂટ પહેર્યો હતો. મોદીના એક મિત્રએ તેમને આ સૂટ ભેટમાં આપ્યો હતો. આ સૂટની કિંમતને લઈને અનેક દાવા થયા હતા. વિપક્ષે આ સૂટની કિંમત લાખો રૂપિયામાં હોવાનો દાવો કરીને તેમના પર 'સૂટ-બૂટ'ની સરકારનો આક્ષેપ લગાવ્યો હતો.

દિવ્યાંગ જીજ્ઞાબેને મતદાન કરી અન્ય મતદારોને પ્રેરણા આપી

સુરત

૧૦૦ ટકા દિવ્યાંગ હોવા છતાં પણ શારીરિક તકલીફને અવગણી કતારગામના આંબાતલાવડી પાસે આવેલી મોહનદીપ સોસાયટીમાં રહેતા ભીમજીભાઈ ધનજીભાઈ પણસારાની ૩૫ વર્ષીય દિવ્યાંગ દીકરી જીજ્ઞાબેને મતદાન કરવા પહોચી લોકશાહીની મહત્તાને ઉજાગર કરી હતી. દિવ્યાંગ હોવા છતાં લોકશાહીમાં ચૂંટણીના અનેરા મહત્વને સમજતા જીજ્ઞાબેને ચાલવાની ક્ષમતાને અવગણી પિતા સમક્ષ મતદાન કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. પિતા ભીમજીભાઈ તેમને રિક્ષામાં લલિતાચોકડી પાસેની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાના મતદાન મથક પર લઈ આવ્યા હતા. દીકરીને હાથોમાં ઊંચકીને મતદાન કક્ષ સુધી લઈ ગયા હતા. મતદાન પ્રત્યે ઉદાસીન યુવાનો માટે આ યુવતીએ પ્રેરક ઉદાહરણ પૂરું પાડ્યું છે. ઉલ્લેખનીય છે કે, આ ચૂંટણીમાં દિવ્યાંગ મતદારોની સુવિધા માટે ખાસ દિવ્યાંગ બુથ બનાવવામાં આવ્યા હતા. લલિતાચોકડી પાસેની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાને દિવ્યાંગ બુથ નિયત કરવામાં આવ્યું હતું. બારડોલી માતા ફળિયામાં રહેતા અને પ્રથમવાર મતદાન કરતા અભિરાજ રાઠોડે જણાવ્યું હતું કે, લોકશાહીના મહાપર્વમાં મારા માતા-પિતા સાથે પ્રથમવાર મતદાન કર્યું છે જે બદલ આનંદની લાગણી અનુભવું છું.



સુરત શહેરના મજૂરાગેટથી અઠવાગેટ સુધીના જાહેર માર્ગ પર આડેધડ પાર્ક થતી મોટર કારના કારણે અવાર-નવાર ટ્રાફિક સમસ્યા ઉદ્‌ભવે છે. મજૂરાગેટ એન્જિનિયરીંગ કોલેજ પાસેના સીટી બસ સ્ટેન્ડ આગળ કાર પાર્ક કરી દેવામાં આવી હોવાનું તસવીરમાં જણાય છે.

એક તરફ વહીવટી તંત્ર લોકસભા ચૂંટણીમાં વ્યસ્ત હતું ત્યારે તિલકવાડા મામલતદાર કચેરી માંથી ટ્રકની ઉઠાંતરી



નર્મદા માંથી વારંવાર જપ્ત કરેલી ઓવરોડ ટ્રકોની ચોરી તંત્રને લપડાક સમાન છે. અગાઉ પણ બેથી ત્રણ વખત આવીજ ઘટનાને અંજામ અપાયો હોવા છતાં વધુ એક પકડાયેલી રેતીની ટ્રક ઉઠાવી જતા તંત્રનેની નિષ્ક્રિયતા છતી થઈ

રાજપીપળા : નર્મદા જિલ્લામાં એક બાદ એક રેતી માફિયાઓ ઓવરલોડ વાહન પકડાયા બાદ તેને તંત્રના કબજા માંથી ચોરી કરી બિન્દાસ ઉઠાવી જવાની ઘટના વધી રહી છે ત્યારે આવી ઘટનાઓ એ તંત્રના અધિકારીઓ માટે લપડાક સમાન છે છતાં વધુ એક આવી ઘટના લોકસભા ની ચૂંટણીના દિવસેજ બની જેમાં તિલકવાડા મામલતદાર કચેરીમાંથી વધુ એક પકડાયેલી ટ્રક ચોરી થયા બાબતે ખાણ ખનીજ વિભાગે ફરિયાદ આપતા અનેક સવાલ ઉઠી રહ્યા છે .

પ્રાપ્ત માહિતી અનુસાર તિલકવાડા મામલતદારએ હાઇવા ગાડી નં.પ્લ્ત ૫ છફ ૩૮૯૧ ને મદદનીશ ભુસ્તરશાસ્ત્રી નર્મદાએ બિન અધિકૃત રીતે રેતી ભરી લઈ જતા તા ૨૦/૦૩/૧૯ ના રોજ જપ્ત કરેલ અને તે હાઇવા ગાડીને જૂની મામલતદાર કચેરીના કમ્પાઉન્ડ માંથી માનસિંગભાઈ નારસિંગ ભાઈ કટારા રહે કેશરપુરા જી,જાંબુઆ (અલીરાજપુર) (૨) હાઇવા ગાડીનો માલીક જેના નામ-ઠામની ખબર નથી આ લોકો એકબીજાની મદદગારી કરી મામલતદાર કચેરીમાં ગે.કા પ્રવેશ કરી હાઇવા ગાડી નં. GJ 5 AV ૩૮૯૧ કિં ૧૪,૦૦૦૦૦/- ની ચોરી કરી લઈ જઈ જતા તંત્ર પર અનેક સવાલો ઉઠી રહ્યા છે .તિલકવાડા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.તપાસ પીએસઆઈ એ એસ વસાવા કરી રહ્યા છે.

બે બહેનોએ દીક્ષા ગ્રહણ કરી સંયમના માર્ગે પ્રયાણ કર્યું



સુરત

પાલ ખાતે આવેલા ગુરૂરામ પાવન ભૂમિમાં બે બહેનોનો ત્રી-દિવસીય દીક્ષા મહોત્સવ યોજાયો હતો. જેમાં બંને બહેનોએ દીક્ષા ગ્રહણ કરી સંયમના માર્ગે પ્રયાણ કર્યું હતું. ખંડોર પરિવારે દીકરીઓની દીક્ષાને વધાવી લીધી હતી.

મૂળ કચ્છના ભચાઉના દિનેશભાઈ રમેશભાઈ ખંડોર સુરતના વરાછામાં એલએચ રોડ પર આવેલા ત્રિકમ નગરમાં રહે છે. અને હોલસેલ કાપડનો વેપાર કરે છે. તેમને સંતાનમાં પાંચ દીકરીઓ છે. જે પૈકીની યશ્વી અને રીયાએ દીક્ષાનો નિર્ણય કર્યો હતો. જેથી પરિવારને આ નિર્ણયને ખુશીથી વધાવી લીધો હતો. પરિવારે જણાવ્યું હતું કે, ૨૦૦૧માં ભૂકંપમાં વતનમાં અમારા મકાનના કાટમાળ નીચે દોઢ વર્ષની યશ્વી અને ૩૫ દિવસની રીયા ત્રણ દિવસ સુધી કાટમાળ નીચે દટાયેલી રહી હતી. ત્યારબાદ રેસ્ક્યુ કરીને જીવિત બહાર નીકળી હતી. દરમિયાન ગુરૂ મહારાજ આચાર્ય કલાપૂર્ણ સુરીસ્વરજી મહારાજ સાહેબ પાસે લઈ ગયા હતા. ભૂકંપ બાદ આશીર્વાદ આપ્યા હતા અને બંને દીકરીઓ દીક્ષા લેશે તેવું જણાવ્યું હતું.

સાગબારાથી લગ્નમાં જતા ત્રણ મિત્રોની બાઈકને ટ્રકે ટક્કર મારતા ત્રણેયનું મોત

સાગબારાના અમીયાર ગામથી ત્રણ મિત્રો નજીકના ગાં લગ્નાં જતા હાઈવે માર્ગ પર સામેથી આવતી ટ્રકે અડફેટે લેતા ત્રણના મોત નિપજાવી ટ્રક ચાલાક ટ્રક મૂકી નાસી છૂટ્યો હતો

રાજપીપળા : નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના અમીયાર ગામના લગ્નમાં જઈ રહેલા ત્રણ મિત્રોની બાઈકને અકસમાત થતા ત્રણેયનું મોત થયું હતું .

પ્રાપ્ત માહિતી અનુસાર અમીયાર ગામના(૧) યોગેશભાઈ ગુલાબભાઈ વસાવા (૨) રણજીતભાઈ રાધીયાભાઈ વસાવા (૩) પ્રકાશભાઈ ગીમ્બાભાઈ વસાવા ગતરોજ નજીકના ગામમાં એક લગ્ન પ્રસંગમાં નીકળ્યા હતા ત્યારે અમીયાર હાઈવે ઉપર સામેથી પુરપાટ આવતી અશોક લેલન ટ્રક નંબર પ્લ્ત-૧૦-ફ- ૪૭૪૨ ના ચાલકે તેની ટ્રક ડેડીયાપાડા તરફથી પુર ઝડપે હંકારી લાવી સામેથી સાગબારા તરફથી આવતી હોંડા સાઈન મો.સા નંબર GJ-16-BC-8125 ને એકસીડન્ટ કરી મો.સા.સવાર યોગેશભાઈ ગુલાબભાઈ વસાવા તથા રણજીતભાઈ રાધીયાભાઈ વસાવાના શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી સ્થળ ઉપર મોત નિપજાવી તેમજ પ્રકાશભાઈ ગીમ્બાભાઈ વસાવાને જમણાપગે ઘુંટણના ભાગે પગ ભાંગી નાખી તથા શરીરે નાની મોટી ઈજાઓ પહોંચાડી સારવાર માટે દવાખાને લઈ જતા જે રસ્તામાં મરણ જતા અશોક લેલન ટ્રકના ચાલકે પોતાની ટ્રકને સ્થળ ઉપર મુકી નાસી જતા આ બાબતે સાગબારા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ધંધામાં આર્થિક ભીંસને કારણે ભાજપના માજી મંત્રીએ ગળેફાંસો ખાધો

સુરત



સુરત શહેર ભાજપ સંગઠનના માજી મંત્રી અને કાંઠા વિસ્તારના બુડિયાગામના અગ્રણી અરવિંદભાઈ શામુભાઈ પટેલે આર્થિક ભીંસને કારણે ફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધું હતું. ગત રોજ મતદાનના દિવસે તેમની સ્મશાનયાત્રા કાઢવામાં આવી હતી.

આ બાબતે સચિન જીઆઈડીસી પોલીસે જણાવ્યું હતું કે, ૧૭મી તારીખે બુડિયાગામના વાણિયા મહોલ્લામાં રહેતા અરવિંદભાઈ શામુભાઈ પટેલે તેમના જૂના ઘરમાં ફાંસો ખાઈ લીધો હતો. પરિવારજનો તેમને સારવાર માટે પહેલાં ભટારની અમૃતા હોસ્પિટલ અને બાદમાં વધુ સારવાર માટે આઈએનએસ હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં મોડી રાત્રે તેમનું મોત નીપજ્યું હતું. તેઓ હોસ્પિટલમાં દાખલ હતા તે વખતે સુરત શહેર ભાજપ પ્રમુખ, નવસારીના સાંસદ, ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય, સહિતના ભાજપના આગેવાનો ખબર અંતર પૂછવા ગયા હતા. પાંડેસરા અને સચિન જીઆઈડીસીની મોટેભાગની મિલોમાં તેઓ ફેબ્રિકેટરનો કોન્ટ્રાકટ રાખતા હતા. છેલ્લા ઘણાં સમયથી તેઓ ધંધામાં આર્થિક ભીંસમાં સપડાયા હોવાના કારણે આ પગલું ભર્યુ હોવાની વાત પોલીસે જણાવી છે.

વડિયા ગામનો યુવાન અચાનક ગુમ થઈ જતા દાદાએ જિલ્લા પોલીસ વડાના દ્વાર ખખડાવ્યા

રાજપીપળા : રાજપીપળાને અડીને આવેલ વડિયા ગામની ચોકડી પર ગત ૧૮ એપ્રિલના રોજ રાત્રી એક યુવાન પર તીક્ષણ હથિયાર થી હુમલો થયો હતો જે અંગેની રાજપીપળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી જોકે જેમાં મિત્રો વચ્ચે ઝગડો થયો હતો અને જૂની અદાવત ના આધારે તલવાર લઈ મારવા આવ્યા ા.જેમાં જાનથી મારી નાખવાના ડર થી આજે યુવાન ગુમ થઈ ગયો છે કે તેનું અપહરણ કરવામાં આવ્યું છે કે જાન થી મારી નાખ્યો છે જે અંગેની તપાસ પોલીસ કરે એવી ફરિયાદ વડિયા ગામના રહીશ ભુદર કોયજી વસાવાએ જિલ્લા પોલીસ વડાને કરી છે.

વડિયા ગામના ૬૮ વર્ષીય ભુદર કોયજી વસાવા એ લેખિત અરજીમાં કેટલા



મિત્રો વચ્ચે ઝગડો થતા એક બીજાના વેરી બની ગયા છે, કોઈ મારા પૌત્રને બચાવો... ભુદર વસાવા

આક્ષેપો સાથે જિલ્લા પોલીસ વડાને જણાવ્યું છે કે તેમનો પૌત્ર સચિન રાજેશ વસાવા એક ખાનગી નોકરી કરે છે પરંતુ તેના કેટલાક મીત્રો વચ્ચે ઝગડા થતા ગત ૧૮ એપ્રિલ ૧૯ ના રોજ રાત્રીના ૯.૩૦ કલાકે નોકરીથી પરત ફરતો હતો ત્યારે હાર્દિક નામનો યુવક અન્ય ત્રણ મિત્રોને લઈને આવ્યો સાથે તલવાર હતી અને મારા પૌત્ર સચિનને માર માર્યો હતો, હનુમાન જયંતિના ભંડારામાં પણ હુમલો કર્યો હતો.આમ બે થી ત્રણ વાર આવું મારવા આવતા આજે મારો પુત્ર ગુમ થઈ ગયો છે. હાર્દિક એ મારા પૌત્રને જાનથી મારી નાખવાની ધમકી આપી છે અને જે ધમકીને કારણે એ જતો રહ્યો કે કોઈએ ગુમ કરી દીધો છે.કોઈએ જાનથી મારી નાખ્યો નથી ને...? જે અંગેની તપાસ કરવા અને પોલીસ તેમની ફરિયાદ નથી લઈ રહી એ બાબતની ફરિયાદ ને લઈને તપાસ હાથ ધરવામાં આવે અને અમારી પણ ફરિયાદ પોલીસ ચોપડે નોંધાય એવી માંગ કરી છે.

મતદાન બાદ સુરત લોકસભા બેઠકના ઈવીએમ સ્ટ્રોંગ રૂમમાં સીલ કરી દેવાયા

ઈચ્છાનાથ સ્થિત એસવી એનઆઈટી ખાતેના સ્ટ્રોંગ રૂમમાં સશસ્ત્ર દળના જવાનો તથા સીસીટીવી કેમેરાનો ૨૪ કલાક પહેરો

સુરત

ગઈકાલે લોકસભાની ચૂંટણી પૂર્ણ થયાં બાદ વીવીપેટ સાથેના ઈવીએમ મશીનો ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે એસવીએનઆઈટી ખાતે બનાવેલ સ્ટ્રોંગ રૂમમાં મૂકવામાં આવ્યા હતા. સ્ટ્રોંગ રૂમ પાસે લોખંડી પોલીસ બંદોબસ્ત તૈનાત કરીછ દેવામાં આવ્યો છે.

લોકસભાનીછ ચૂંટણીના ત્રીજા તબક્કાના મતદાનમાં ગુજરાતની ૨૬ બેઠકો ઉપર મતદાન થયું હતું. મતદાન દરમિયાન કાયદો અને વ્યવસ્થા પરિસ્થિતિ સુપેર જળવાઈ રહી હતી. સાંજે ૬ના ટકોરે મતદાન પૂર્ણ થયાં બાદ ઈવીએમ મશીનોમાં ભાજપ-કોંગ્રેસ સહિતના તમામ ઉમેદવારોના ભાવિને સીલ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આ ઈવીએમ મશીનો ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ પીપલોદ ખાતે એસવીએનઆઈટીમાં બનાવેલા સ્ટ્રોંગરૂમમાં ખસેડવામાં આવ્યા હતા. તેમજ સ્ટ્રોંગ રૂમ પાસે સીસીટીવી કેમેરા પણ ગોઠવવામાં આવ્યા હતા. હવે સ્ટ્રોંગ રૂમમાંથીતા. ૨૩-૫-૨૦૧૯ના રોજ મતગણતરીના દિવસે નિયમાનુસાર કાર્યવાહી કરી જે-તે મતગણતરી રૂમમાં ખસેડવામાં આવશે. આ સ્ટ્રોંગ રૂમ પાસે રાજકીય પક્ષના ઉમેદવારો પણ પોતાના માણસો દ્વારા વોચ રાખવામાં આવશે.

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time 10 am
7575006850 to 5 pm

લગ્ન પ્રસંગમાં નરાધમે માસુમ બાળકી પર દુષ્કર્મ આચરતા ખળભળાટ

નવસારી

ચીખલીના પનિયારી વિસ્તારમાં રહેતી મહિલા ગણદેવીના પીપલધરા ખાતે લગ્ન પ્રસંગ હોવાથી પોતાના પુત્ર અને પુત્રી સાથે લગ્ન પ્રસંગમાં ગઇ હતી. રાતે ડીજેના તાલે ગરબાની રમઝટ ચાલતી હોવાથી તેઓ ગરબે ઘૂમવા ગયા હતા. બંને બાળકો સુઈ ગયા હતા.

ગરબા રમતા રમતા તેઓ રાત્રે એક વાગે પોતાના બાળકોની ભાળ કાઢવા ઘરમાં ગયા હતા ત્યારે બંને બાળકો સલામત રીતે સૂતેલા હતા. જેથી નિશ્ચિંત બની ફરી ગરબામાં જોડાયા હતા. ત્યારબાદ રાતના બે વાગ્યા બાદ ફરીથી બાળકોને જોવા જતા તેમની માસૂમ દીકરી જ્યાં સુતેલી હતી ત્યાં ન હતી. જેથી સગાવહાલા સાથે તેની શોધખોળ કરતા તે ઘર પાછળના ભાગેથી રડતી મળી આવી હતી. તેણીનું મોઢું સુજી ગયેલું હતું અને તેણીએ પહેરેલા કપડા ઊંધા હતા. આથી ફાળ પડતાં તેના ગુમાંગ ભાગેથી લોહી નીકળતું હતું. તથા શરીર અને કમરના ભઆગે નખ માર્યાના નિશાનો હતો.

આથી પરિસ્થિતિ પામી જતા પરિવારજનો સગીરાને લઈને ખારેલ હોસ્પિટલ પહોંચ્યા હતા. તેમને નવસારી સિવિલ હોસ્પિટલમાં ખાતે મોકલવામમાં આવ્યા હતા. બાદમાં તેન સુરત સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. આ ઘટનામાં સગીરા સાથે દુષ્કર્મ કોણે કર્યું તે બહાર આવ્યું નથી. મહિલાએ ફરિયાદ નોંધાવતા ગણદેલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી હતી.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અઢળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847